# આશીર્વાદ

પ્રથમ વર્ષ
પાંચમો અંક
માર્ચ '૬૭



શ્રી ભાગવત વિદ્યાપીઠ અને માનવમંદિરના સૌજન્યથી

सत्यम् शिवम् सुंदरम् ।

# આશીર્વાદ

સર્વે સુખિનઃ સન્તુ

વર્ષ : ૧ ] સંવત ૨૦૨૩ માઘ : માર્ચ ૧૯૬૭ [ અંક : ૫

સંસ્થાપક
દેવેન્દ્રવિજય
'જય ભગવાન'

*

અધ્યક્ષ
કૃષ્ણશંકર શાસ્ત્રી

*

સંપાદનસમિતિ
એમ. જે. ગોરધનદાસ
કનૈયાલાલ દવે

*

માનદ્ વ્યવસ્થાપક
'શિવશક્તિ'

*

કાર્યાલય
ભાઉની પોળની બારી પાસે,
રાયપુર, અમદાવાદ-૧.
ફોન નં. ૫૩૪૭૫

*

વાર્ષિક લવાજમ
ભારતમાં રૂ. ૩-૦૦
વિદેશમાં શિલિંગ ૬-૦૦

## કલ્યાણની સામગ્રી

विपदः सन्तु नः शश्वत् तत्र तत्र जगद्गुरो ।
भवतो दर्शनं यत् स्याद् अपुनर्भवदर्शनम् ॥

માણસ તેના પસાર થયેલા જીવન ઉપર જો વિચાર કરે તો એને જણાશે કે એના જીવનમાં જે પ્રકાશ છે, સમજશક્તિ છે, ગંભીરતા છે, સહનશીલતા છે, નમ્રતા છે અને જે ઉમદા ગુણો છે, તે બધા વિપત્તિઓ દ્વારા આવેલા છે. માણસમાં જે ઉદ્યમીપણું છે, આળસનો અભાવ છે, થાકયા વગર કામ કરવાની શક્તિ છે, ધીરજ છે, ક્રોધ અને કામનાઓ ઉપર કાબૂ રાખવાની જે શક્તિ છે—આ બધા ગુણો વિપત્તિના સમયમાં પ્રાપ્ત થયેલા હોય છે. માણસને સાચી યોગ્યતા તો વિપત્તિઓ દ્વારા જ પ્રાપ્ત થાય છે. યોગ્યતા પ્રાપ્ત થયા પહેલાં જ માણસને જે સંપત્તિ અર્થાત્ સુખસગવડો, સત્તા કે ધન પ્રાપ્ત થાય છે, તેનાથી તે પ્રમાદી, ગર્વિષ્ઠ, દુરાચારી, કઠોર અને અનીતિમાન થતો જાય છે અને તેના જીવનમાં પ્રકાશ, દીર્ઘદૃષ્ટિ, દયા, નમ્રતા વગેરે ઉમદા ગુણો પ્રકટ થતા નથી અને પ્રકટ થવા ઉપર હોય તોપણ બંધ થઈ જાય છે.

આમ વિપત્તિ એ ભગવાનનું આકરું છતાં મહામૂલું—મોંઘું કલ્યાણનું વરદાન છે અને અયોગ્ય માણસોને પ્રાપ્ત થતી સંપત્તિ એ સુંદર—સોહામણી લાગતી છતાં અકલ્યાણની સામગ્રી છે. એથી જ શ્રીમદ્‌ભાગવતમાં કુંતી માતા ઉપરના શ્લોકમાં કહ્યા પ્રમાણે વિપત્તિઓરૂપે પણ કલ્યાણની સામગ્રીની જ માગણી કરે છે.

ॐ

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧. | કલ્યાણની સામગ્રી | ૐ | ૧ |
| ૨. | મંગલાયતનમ્ | — | ૩ |
| ૩. | એની ઝૂંપડીમાં | શ્રી કનૈયાલાલ દવે | ૪ |
| ૪. | શ્રી ભાગવત વિદ્યાપીઠનો થયેલો શિલારોપણવિધિ | — | ૫ |
| ૫. | શ્રીરામચરિતમાનસ | શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી | ૬ |
| ૬. | દક્ષ, શિવ અને સતી | શ્રી ડોંગરે મહારાજ | ૯ |
| ૭. | સંયમની સિદ્ધિ | શ્રી 'શિવશક્તિ' | ૧૨ |
| ૮. | ગો-માતા | — | ૧૩ |
| ૯. | અકળ તારી લીલા ! | શ્રી હરિશ્ચંદ્ર | ૧૪ |
| ૧૦. | પવિત્રતાનું કારણ | શ્રી નવીન | ૧૫ |
| ૧૧. | બુદ્ધિની કસોટી | શ્રી શ્યામશંકર પંડયા | ૧૬ |
| ૧૨. | હિંસાનું ફળ | મુનિશ્રી નિત્યાનંદવિજયજી મહારાજ | ૧૮ |
| ૧૩. | 'હુંય ઇન્સાન છું' | શ્રી રમાકાન્ત પી. જાની | ૧૯ |
| ૧૪. | શ્રમણોનો શ્રેષ્ઠ ધર્મ | શ્રી દેવેન્દ્રકુમાર કાલિદાસ પંડિત | ૨૦ |
| ૧૫. | મહર્ષિના ભગવાન | શ્રી પ્રવીણ ઉપાધ્યાય | ૨૩ |
| ૧૬. | સુખદ સંસારમાં સજનીનું સ્થાન | શ્રીમતી ચંદ્રકળા બળરામ પરીખ (સાધિકા) | ૨૪ |
| ૧૭ | ત્યાગ અને સ્પૃહા (ઉત્તરાયણ-૩) | શ્રી 'મધ્યબિંદુ' | ૨૫ |
| ૧૮. | નારી સદા નારાયણી | શ્રી બળરામ પરીખ | ૨૬ |
| ૧૯. | માનવને | શ્રી 'હર્ષદ' | ૨૭ |
| ૨૦. | આપણે કેમ માંદા પડીએ છીએ ? | શ્રી 'મધ્યબિંદુ' | ૨૮ |
| ૨૧. | મધુરતા ક્યારે મળે ? | શ્રી શિવભદ્ર | ૩૧ |



## રજિસ્ટ્રેશન ઑફ ન્યૂઝપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬, રૂલ ૮.

### ફૉર્મ ૪ અનુસાર નિવેદન

| | | |
|---|---|---|
| ૧. | પ્રકાશન સ્થળ | રાયપુર, ભાઉની પોળની બારી પાસે, અમદાવાદ |
| ૨. | ક્યારે પ્રકાશિત થાય છે | દર માસની પંદરમી તારીખે |
| ૩. | છાપનારનું નામ | જગદીશચંદ્ર અંબાલાલ પટેલ |
| | રાષ્ટ્રીયતા | ભારતીય |
| | સરનામું | એન. એમ. પ્રિન્ટિંગ પ્રેસ, દરિયાપુર, ડબગરવાડ, અમદાવાદ |
| ૪. | પ્રકાશકનું નામ | દેવેન્દ્રવિજય વિજયશંકર દવે |
| | રાષ્ટ્રીયતા | ભારતીય |
| | સરનામું | રાયપુર, ભાઉની પોળની બારી પાસે, અમદાવાદ |
| ૫. | માલિકનું નામ | શ્રી ભાગવત વિદ્યાપીઠ અને માનવમંદિર, અમદાવાદ |

હું, દેવેન્દ્રવિજય વિજયશંકર દવે, આથી સોગંદપૂર્વક જાહેર કરું છું કે ઉપરની હકીકત મારી જાણ અને માન્યતા પ્રમાણે સાચી છે.

તા. ૧૫-૩-૬૭ દેવેન્દ્રવિજય વિજયશંકર દવે

# म ङ्ग ला य त न म्

## સ્થિર બુદ્ધિવાળો મહાપુરુષ કેવો હોય?

**अर्जुन उवाच : અર્જુન કહે છે:**

**स्थितप्रज्ञस्य का भाषा समाधिस्थस्य केशव ।**
**स्थितधीः किं प्रभाषेत किमासीत व्रजेत किम् ॥ १ ॥**

હે કેશવ, જેના બધા તર્કવિતર્કોનું, શંકાઓનું સમાધાન થઈ ગયું હોય અને જેનું જ્ઞાન તથા બુદ્ધિ સ્થિર થયાં હોય તેવો મનુષ્ય કેવી રીતે બોલે, કેવી રીતે ચાલે, કેવી રીતે વર્તે ?

**श्री भगवानुवाच :** શ્રી ભગવાન કહે છે :

**प्रजहाति यदा कामान् सर्वान् पार्थ मनोगतान् ।**
**आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ॥ २ ॥**

હે પાર્થ, મનુષ્ય જ્યારે મનમાં રહેલી સર્વ કામનાઓને, મનોરથોને દઢતાપૂર્વક ત્યજી દે છે અને પોતાનું કર્તવ્ય કરીને જ મનથી સંતુષ્ટ રહે છે–આવી સ્થિતિ જ્યારે થાય ત્યારે તે માણસને સ્થિતપ્રજ્ઞ અર્થાત્ સ્થિર થયેલા જ્ઞાનવાળો, સ્થિર બુદ્ધિવાળો, સ્થિર નિષ્ઠાવાળો અથવા સ્થિરતાને પામેલો કહેવામાં આવે છે.

**दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।**
**वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ॥ ३ ॥**

આવા સ્થિતપ્રજ્ઞ મનુષ્યનું મન દુઃખોમાં અર્થાત્ પ્રતિકૂળ પરિસ્થિતિમાં ઉદ્વેગવાળું બનતું નથી, એને સુખોની અર્થાત્ અનુકૂળ પરિસ્થિતિ માટેની પણ સ્પૃહા હોતી નથી. તેને કોઈ પણ બાબત માટે રાગ (આસક્તિ), ભય કે ક્રોધ થતા નથી. આ રીતે મનને જીતીને સ્થિર બુદ્ધિવાળો થયેલો મનુષ્ય 'મુનિ' કહેવાય છે.

**यः सर्वत्रानभिस्नेहः तत् तत् प्राप्य शुभाशुभम् ।**
**नाभिनन्दति न द्वेष्टि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ४ ॥**

સારું કે ખોટું ગણાતું જે કંઈ પ્રાપ્ત થાય તેમાં તેને સ્નેહ કે દ્વેષ હોતો નથી, એથી પ્રાપ્ત થયેલ વસ્તુ પ્રત્યે તે હર્ષિત થતો નથી કે તેનો દ્વેષ પણ કરતો નથી. આવા મનુષ્યની બુદ્ધિ સ્થિર થઈ છે એમ સમજવું.

**यदा संहरते चायं कूर्मोऽङ्गानिव सर्वशः ।**
**इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ५ ॥**

જેમ કાચબો પોતાનાં બહાર કાઢેલાં અંગોને અંદર ખેંચી લે છે, તેમ જે મનુષ્ય ઇન્દ્રિયો વડે ભોગવવાના પદાર્થો પ્રત્યેની તૃષ્ણાઓને એ પદાર્થોમાંથી પાછી ખેંચી લઈને એ પદાર્થો વિના જ પોતાની તૃષ્ણારહિત સ્વાભાવિક સ્થિતિનો અનુભવ લે છે, તેની બુદ્ધિ સ્થિરતાવાળી બને છે.

**विषया विनिवर्तन्ते निराहारस्य देहिनः**
**रसवर्जं, रसोप्यस्य परं दृष्ट्वा निवर्तते ॥ ६ ॥**

જે માણસ કેવળ બાહ્ય રીતે પદાર્થોને ગ્રહણ કરતો નથી તેના પદાર્થો જ કેવળ દૂર થાય છે, પણ એ પદાર્થો માટેનો તેનો રસ નિવૃત્ત થતો નથી. પદાર્થો પ્રત્યેનો રસ અથવા તૃષ્ણા તો પરમ રસનું દર્શન–અનુભવ થવાથી જ નિવૃત્ત થાય છે. જેમ રમકડું ન મળવાથી બાળકનો તેના પ્રત્યેનો રસ મટી જતો નથી, પરંતુ રમકડાના રસ કરતાં ઉત્કૃષ્ટ બાબતોના રસનો અનુભવ કરવાને લીધે વૃદ્ધોને રમકડામાં રસ રહેતો નથી. તેવું જ સંસારના પદાર્થોરૂપ રમકડાંના રસ અને આત્માના અનુભવરૂપ પરમ રસની બાબતમાં છે.

यततो ह्यपि कौन्तेय पुरुषस्य विपश्चितः ।
इन्द्रियाणि प्रमाथीनि हरन्ति प्रसभं मनः ॥ ७ ॥

હે અર્જુન, એ વાત ખરી છે કે ઇન્દ્રિયોની રસવૃત્તિઓને પદાર્થો પ્રત્યેથી પાછી ખેંચી લેવાનો પ્રયત્ન કરનારની ઇન્દ્રિયો પણ ખૂબ બળપૂર્વક એના મનને ક્ષુબ્ધ કરીને વિષયો પ્રત્યે ખેંચી જાય છે.

तानि सर्वाणि संयम्य युक्त आसीत मत्परः ।
वशे हि यस्येन्द्रियाणि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ८ ॥

પરંતુ હે અર્જુન, જેનું મન ઇંદ્રિયો દ્વારા હરાઈ જાય છે તેનો આત્મા, તેનો પ્રકાશ અથવા તેનું વ્યક્તિત્વ પણ એટલું હરાઈ જાય છે. એથી માણસ એટલો ક્ષુદ્ર, અસ્થિર, નિર્બળ અને તુચ્છ બનતો જાય છે. માટે એ બધી ઇન્દ્રિયોને, ઇન્દ્રિયોની રસવૃત્તિઓને સંયમિત કરીને વશમાં રાખ્યા સિવાય માણસનો કદી ઉદ્ધાર થઈ શકતો નથી. જેની ઇન્દ્રિયો વશ છે એ માણસની જ બુદ્ધિશક્તિ, જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ સ્થિરતાપૂર્વક દૃઢતાથી પ્રગતિ કરી શકે છે. એવો માણસ જ ભરોસાપાત્ર છે. અને તે જ સ્થિર બુદ્ધિવાળો છે.

## એની ઝૂંપડીમાં

થાય વેદનાં વિધાન એની ઝૂંપડીમાં,
થાય ભાવિનાં નિદાન એની ઝૂંપડીમાં.
થાય શાન્તિ-સુધાનાં પાન એની ઝૂંપડીમાં,
થાય શત્રુનાં સન્માન એની ઝૂંપડીમાં.
અપાય માનવતાનાં દાન એની ઝૂંપડીમાં,
થાય એકતાનાં ગાન એની ઝૂંપડીમાં.
સારા દેશનું સુકાન એની ઝૂંપડીમાં,
રાય–રંક છે સમાન એની ઝૂંપડીમાં.
ગવાય કર્મ–ગીતાગાન એની ઝૂંપડીમાં,
થવાય દેશના દીવાન એની ઝૂંપડીમાં.
પુરાય પથ્થરમાં પ્રાણ એની ઝૂંપડીમાં,
દેખાય અંધને ભગવાન એની ઝૂંપડીમાં.
મહાપુરુષ તો બહુ થયા પણ શું અજબ ગાંધી થયો,
જાતાં જાતાં પ્રેમદોરે એ અજબ બાંધી ગયો.
તાર તૂટ્યા ભારતીના એ અજબ સાંધી ગયો,
શાન્તિનાં નૈવેદ્ય એ નિજ રુધિરથી રાંધી ગયો.

—શ્રી કનૈયાલાલ દવે

# શ્રી ભાગવત વિદ્યાપીઠનો થયેલો શિલારોપણવિધિ

શ્રી ભગવાનની પ્રેરણાથી ભાગવત વિદ્યાપીઠ માટેનો જે મનોરથ થયેલો છે, તેને સાકાર કરવાનું કામ જાણે શ્રી ભગવાન જ કરી રહ્યો છે. જગતમાં ભગવાનનાં કામ ભગવાનના પ્રતિનિધિઓ દ્વારા થઈ રહ્યાં હોય છે. ભગવદીય જનો અને ભગવાનના કૃપાપાત્રોનો ભગવાનનાં કામોમાં હંમેશાં સહયોગ મળતો જ રહે છે.

અમદાવાદથી ઉત્તર-પશ્ચિમે નારણપુરાથી આગળ સોલા ગામની પાસે શ્રી ભાગવત વિદ્યાપીઠના શુભ સ્થળ માટે વિશાળ ભૂમિખંડ પ્રાપ્ત થયેલો છે. અહીં ભારતીય અધ્યાત્મવિદ્યાની પીઠની સ્થાપના માટે ફાગણ શુક્લ ૨ સોમવાર તા. ૧૩–૩–૬૭ ના રોજ વિશાળ સમારંભ રખાયો હતો.

આ મહત્કાર્યને પોતાની શુભેચ્છાઓ અને શુભ આશીર્વાદોથી સંયોજિત કરવા માટે પરમ ગોસ્વામી શ્રી વ્રજરાયજી, શ્રી રણછોડદાસજી મહારાજ, શ્રી રંગ અવધૂત, શ્રી યોગીજી મહારાજ, શ્રી મુક્તાનંદજી મહારાજ, શ્રી ડોંગરે મહારાજ, સ્વામી શ્રી શિવાનંદજી, શ્રી મંગલાનંદજી, પં. દેવેન્દ્રવિજયજી, શ્રી મનુવર્યજી, અને વડોદરાના શ્રી નરહરિ મહારાજ પધાર્યા હતા. આ ઉપરાંત અનેક સંતો અને મહાપુરુષો આ જનમંગલકારી કાર્યના પાયારૂપ આ પ્રસંગને સત્કારવા અને સફળતા ઇચ્છવા ઉપસ્થિત રહ્યા હતા.

શુભ મનોરથને સાકાર બનવાની દિશાના આ પ્રસંગની વધાઈ માટે ભાવિક જનતાએ વિપુલ પ્રમાણમાં હાજરી આપી હતી. ભારતના, ગુજરાતના તેમ જ નગરના અગ્રગણ્ય પુરુષોએ ખાસ પધારી આ પ્રસંગની સફળતા ઇચ્છી હતી. આ કાર્ય પ્રત્યે શુભેચ્છા વ્યક્ત કરતા અનેક સંદેશાઓ આવ્યા હતા.

શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીએ આ ભગવદીય કાર્યનું મહત્ત્વ, તેને માટેની ઈશ્વરેચ્છા તથા જનહિતકારિતા સમજાવતું ભાવમય ઉદ્બોધન કર્યું હતું. માનવમંદિર સંસ્થાના સ્થાપક અને ભાગવત વિદ્યાપીઠના ટ્રસ્ટી પં. શ્રી દેવેન્દ્રવિજયે આ કાર્યની સફળતા માટે પ્રાર્થના-પ્રવચન કર્યું હતું. અને પ્રેમ તથા પરોપકારના આ કાર્યના આરંભ પ્રસંગે તેમણે બિહારના દુષ્કાળ રાહત ફાળામાં રૂા. ૧૦૦૧ નું સમર્પણ કર્યું હતું.

નારણપુરાથી આગળ સમારંભના સ્થળ ઉપર જવા માટે મ્યુ. બસ સર્વિસ, એસ. ટી. બસ સર્વિસ તેમ જ અન્ય મોટર વાહનોનો સારો સહકાર સાંપડયો હતો.

સોલા ગામના ભાવિક જનોનો આ સમારંભને સફળ બનાવવામાં સારો સહકાર સાંપડયો હતો.

શ્રી ભગવાનની ઇચ્છાથી અને ભગવાનના કૃપાપાત્ર ભગવદીય જનોના સહકારથી આ ભવ્ય મનોરથને આપણે ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ સ્વરૂપે વધુ ને વધુ સાકાર બનતો જોઈએ એ જ ઈશ્વર પ્રત્યે અભ્યર્થના.

*

# શ્રીરામચરિતમાનસ

શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી

(ગતાંકથી ચાલુ)

રામ એટલે મોક્ષ. સર્વથી મોટી ચીજ. મૂકી દેવાની જેનામાં જિગર છે તે મુક્તિ મેળવી શકે છે. તનથી નહીં પણ મનથી મૂકી દેવું. તેથી મન હળવું થશે. મન હળવું હશે તો સ્વતંત્ર, શાંત તથા પ્રફુલ્લિત રહેશે.

ભરત એટલે કામ. કામ એટલે તપ.

લક્ષ્મણ એટલે ધર્મ–કર્તવ્યનિષ્ઠા.

શત્રુઘ્ન એટલે અર્થ–અર્થ એટલે સેવા. મોટામાં મોટો ફાળો સેવાનો છે. સેવા એટલે દૂધમાં ન દેખાતી સાકર અને દાળમાં ન દેખાતું લવણ. સેવાથી શત્રુઓ મરણ પામે છે.

સંપત્તિ એ મધ્યરાત્રી છે ત્યાં ભોગ છે તો ત્યાગ ક્યાંથી હોય ?

યૌવન એ મધ્યાહ્ન છે. યુવાવસ્થામાં ઉગ્રતા હોય તો શાંતિ ક્યાંથી હોય ?

પરિવાર એ પ્રાતઃકાળનો પ્રમાદ.

વ્યસનો એ સાયંકાળની ગફલતો.

આ ચાર ચીજ છે ત્યાં મોહ છે. અને એ મોહ તે રાવણ. ગઈ કાલે રડ્યો, આજે રડે છે ને આવતી કાલે રડશે. વિષમતાનો નિધિ એનું નામ જીવન. સંત શેરડીનો સાંઠો છે. તીર્થરૂપી પ્રયાગ પ્રાર્થનાથી ફળે છે અને સાધુરૂપી પ્રયાગ પ્રણામથી ફળે છે.

**સત્સંગના પ્રભાવથી પ્રાપ્ત થતા પાંચ લાભ :**

સત્કીર્તિ  સદ્ગતિ  સંપત્તિ  સુખ(ભલાઈ)

સન્મતિ (સૌની સાથે સંપથી રહેવું)

માનવે જીવનમાં બે સૂત્રો ધ્યાનમાં રાખવાં–ભલા થવું અને ભલું કરવું. દીપે એવી દેહની ક્રિયાની પરંપરા એટલે દીપાવલી. દીપાવલી માનવતાને ઓવારે આવે, મમતાને ઓવારે નહીં. સાધુ સુધા, સુધાકર અને ગંગાજી જેવા પવિત્ર હોય. સત્સંગથી વિવેક મળે છે. સદાચારમય જીવન જીવવું એટલે વિવેક. હૃદય એ સાગર છે. બુદ્ધિ એ સાગરની છીપોલી છે સાગરમાં સ્વાતિ નક્ષત્ર એ શારદા છે અને વરસાદ એ સદ્વિચાર છે.

સંત તુલસીદાસજી કહે છે કે ભગવાન રામના ગુણરૂપી મોતી તેમનાં ચરિત્રોરૂપી સૂત્રો સાથે યુક્તિ નામનું વજ્ર લઈને રામાયણરૂપી હીરાના દોરા પર બનાવ્યું છે તે તમારા કંઠમાં અર્પવા આવ્યો છું તે સ્વીકારો.

કલ્યાણમયી મતિ એટલે કૌશલ્યા માતા.

સ્નેહની સરિતા એટલે સરયૂ નદી.

યુદ્ધ વિનાની કાયા એટલે અયોધ્યા.

સેવા અને સખાવૃત્તિ તે સુમિત્રા.

તપ અથવા તપોવૃત્તિ તે કૈકેયી.

સ્નેહપ્રીતિ અને તત્ત્વવૃત્તિ તે કૌશલ્યા.

દશરથ અર્થાત્ દૃઢ નિશ્ચય, ભક્તિ ને વિશ્વાસ.

સીતા એટલે દયા. દયા કોને ત્યાં રહે ? શીલ અને સદાચાર જ્યાં હોય ત્યાં.

જનકયોગી એટલે સદાચારી.

સુનયના એટલે શીલ.

ભરત એટલે ત્યાગ.

લક્ષ્મણ એટલે ત્યાગ. ત્યાગ હોય પણ જો ચારિત્ર્ય, ગુણ, સદ્લક્ષણ ન હોય તો ? શીલના દંડ ઉપર કીર્તિની ધજા કાયમ રહે છે.

શત્રુઘ્ન એટલે સેવા. ત્યાગની પાછળ સેવા જોઈએ છે.

હનુમાન એટલે બ્રહ્મચર્ય–સંયમ.

જાંબુવાન એટલે દેહ અધમ પણ કામ ઉત્તમ.

રામ એટલે મોક્ષ સર્વથી મોટી ચીજ મૂકી દેવાની જેનામાં જિગર છે તે મુક્તિ મેળવી શકે છે. તનથી નહિ પણ મનથી મૂકી દેવું તેથી મન હળવું થશે. મન હળવું હશે તો સ્વતંત્ર, શાંત તથા પ્રફુલ્લિત રહેશે.

ભરત એટલે કામ–તપ.

લક્ષ્મણ એટલે ધર્મ–કર્તવ્યનિષ્ઠા.

શત્રુઘ્ન એટલે અર્થ–સેવા. મોટામાં મોટો ફાળો સેવાનો છે, શત્રુઘ્નનો છે. સેવા એટલે દૂધમાં ન દેખાતી સાકર અને દાળમાં ન દેખાતું લવણ.

સંપત્તિ એ મધ્યરાત્રિ છે. ભોગ છે તો ત્યાગ ક્યાંથી ?

યૌવન મધ્યાહ્ન—યુવાવસ્થામાં ઉગ્રતા હોય તો શાંતિ ક્યાંથી ?

પરિવાર—પ્રાતઃકાળનો પ્રમાદ.

વ્યસનો—સાયંકાળની ગફલતો.

આ ચાર ચીજ છે ત્યાં મોહ અર્થાત્ રાવણ છે. જે ગઈ કાલે રડ્યો તે આજે રડે છે અને આવતી કાલે રડશે વિષમતાનો ભંડાર એનું નામ જીવન. સંત શેરડીનો સાંઠો છે. તીર્થરૂપી પ્રયાગ પ્રાર્થનાથી ફળે છે અને સાધુરૂપી પ્રયાગ પ્રણામથી ફળે છે.

સત્સંગનો પ્રભાવ પાંચ પ્રકારનો છે : સન્મતિ, સત્કીર્તિ, સદ્ગતિ, સંપત્તિ અને સુખ.

જીવનનાં બે સૂત્રો—ભલા રહેવું અને ભલું કરવું. દીપે એવી દેહની ક્રિયાની પરંપરા એટલે દીપાવલી. દીપાવલી માનવતાને આવે, મમતાને ઓવારે નહિ. સત્સંગમાંથી વિવેક મળે છે. સદાચારમય જીવન જીવવું એટલે વિવેક. હૃદય એ સાગર છે, બુદ્ધિ એ સાગરની છીપોલી છે. સાગરમાં સ્વાતિ નક્ષત્ર એ શારદા છે અને વરસાદ એ સદ્વિચાર છે.

સંત તુલસીદાસ કહે છે કે ભગવાન રામના ગુણોરૂપી મોતી છે અને ચરિત્રોરૂપી સૂત્રો છે. એ મોતીઓ યુક્તિ નામના વજ્રથી વીંધી ચરિત્રરૂપી હીરના દોરામાં પરોવી રામાયણ બનાવ્યું છે.

मानसी सा परामता—कृष्णसेवा सदा कार्या । ચિત્તની પ્રસન્નતા એ ચિત્તનો સ્વાદ, અને ઇંદ્રિયોની તૃપ્તિ એ વિત્તનો સ્વાદ. ચિત્તની એકાગ્રતા સંપત્તિ, શક્તિ અને સિદ્ધિ આપે છે સંપત્તિ એટલે જગત જે ચીજને માંગે તે. સંપત્તિએ આસક્તિને માન આપ્યું એટલે માનવ માનવ ન રહ્યો. ચિત્તની સંપત્તિ સ્થૂલ સંપત્તિ કરતાં કીમતી છે. ચિત્તની એકાગ્રતા એક શક્તિ છે. રસ વસ્તુઓના વિનિયોગમાંથી પ્રકટ થયો, પણ વસ્તુમાં રસ છે સર્વમાં ઈશ્વર અથવા ઘટક તરીકે રહેલી શક્તિ બહુ કીમતી છે. સિદ્ધિ એટલે કોઈ પણ ચીજ બનાવી શકે પણ કોઈ પણ ચીજ વિના ચલાવી શકે, તથા ચિત્તની એકાગ્રતા શીખવે એ પણ સિદ્ધિ છે. ચિત્તની એકાગ્રતા બેથી આવે : એક રૂપસેવા અને બીજી નામસેવા. રૂપસેવામાં જીવ પરોવાય તો ચિત્તની એકાગ્રતા પ્રાપ્ત થાય. જેમની પાસે સામગ્રી છે તેઓ સ્વરૂપસેવાથી ચિત્તનો સ્વાદ લે છે. નામ સેવામાં વિના સામગ્રીએ જીવનવ્યવહાર ચલાવવાનો હોય છે. નામાવલંબનમાં નામસ્મરણ કરવાનું હોય હોય છે. રામાયણ પાસેની ભીખ એ હોવી જોઈએ કે હે રામ ! મને તારા મુખની શ્રી જોઈએ છે—'मुखाम्बुजश्री रघुनन्दनस्य मे ..જે સંપત્તિ મુખમાં રહે છે તેને જે નથી મેળવતો તેને દુનિયા મૂર્ખ કહે છે.

राम = र् + अ् + म् = राम. આ ત્રણ બીજમાં અગ્નિ, સૂર્ય અને ચંદ્ર છે. અગ્નિબીજ વાણીનું સ્વામી છે, અગ્નિઉપાસક પાણી ઉપર પ્રભુત્વ સંપાદન કરાવે છે. અગ્નિહોત્રીઓ તેજસ્વી અને બુદ્ધિપ્રધાન હતા. અગ્નિ અને સૂર્યની ઉપાસનાથી આરોગ્ય તથા દીર્ઘાયુ પ્રાપ્ત થતું. આયુષ્ય છે દૂધ, આરોગ્ય છે સાકર. ચંદ્ર એટલે ઠંડક. રામનું નામ પાવન કરનારું છે. પાવન એટલે પવિત્ર નહિ પણ પવિત્ર કરનારી તાકાતવાળું. સૂર્ય, ચંદ્ર, અગ્નિ આ ત્રણ દેખાય છે જુદાં, પણ તેમની પાસે જઈએ તેના કરતાં આધિદૈવિક આધિભૌતિક ને આધ્યાત્મિક એવા રામ પાસે શા માટે ન જવું ?

જેને સિદ્ધ કરવો પડે એ મંત્ર. પણ સ્વયંસિદ્ધ મહામંત્ર એ રામ. રામ વનવાસ જવા નીકળ્યા ત્યારે દશરથ રડ્યા પણ રામ સૂર્ય હતા. કારણ સૂર્યને તો જવાનું તે જવાનું જ. રઘુનાથજીના ચરણમાં ભક્તિ તે વર્ષાઋતુ છે ને સુંદર ડાંગર રોપેલી તે સંતો, ભગવદીય જનો. રામના બે અક્ષર તેમ વર્ષાઋતુના બે જીભને ગળ્યો લાગે તે મધુર અને જીવને મધુર લાગે તે મધુર અને તે બંને છે શ્રીરામ.

રામરૂપી ભગવાન વિશેષ્ય છે. રામનામ વિશેષણ છે. રામ ચાર પ્રકારના અનુભવીઓને મળે : આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાની. સગુણ રામ અને નિર્ગુણ ઓમ્. આમાં નામને જ બોલી શકાય. શ્રેષ્ઠ તત્ત્વરસને કનિષ્ઠે પોતાના જીવનમાં

ઉતારવું એનું નામ અવતાર. અવતાર ૨૪ અને પ્રકૃતિના ગુણો ૨૪.

સંદેહ, મોહ અને ભ્રમ દૂર કરવા રામકથા સાંભળવી. રામકથા ત્રણને દૂર કરે છે :

(૧) જીવને ભગવાનમાં સ્વરૂપસંદેહ અર્થાત્ દ્વિધાજ્ઞાન થાય તેને દૂર કરે છે.

(૨) જીવને પોતાના સ્વરૂપમાં અજ્ઞાનથી મોહ પેદા થાય તેને દૂર કરે છે.

(૩) જીવને અન્યથા જ્ઞાનથી–વિપરીત જ્ઞાનથી ભ્રમ થાય તેને દૂર કરે છે.

રામ બ્રહ્મ છે, સીતા માયા છે અને લક્ષ્મણ જીવ છે. વિદ્વાનનો વિસામો એટલે રામકથા. વિવેકરૂપી અગ્નિને ઉત્પન્ન કરનાર શમીવૃક્ષ એટલે રામકથા.

મહાપુરુષોને સંકલ્પ હોતા નથી. ક્રિયાના પૂર્વકાળમાં કોઈ પણ સંકલ્પ હોતો નથી. સત્કર્મનો આરંભ કરે ને અંત સુધી તેને કર્યા કરે તેનું નામ સંત. સત્કર્મના આંબા ઉપર 'સ્નેહ' નામનું ફળ આવે છે.

સત્કર્મ બે પ્રકારનું છે: દેહસાપેક્ષ સત્કર્મ ને દ્રવ્યસાપેક્ષ સત્કર્મ. દેહસાપેક્ષ સત્કર્મમાં એટલે કે ઈશ્વરારાધનમાં પ્રમાદ, ઉપેક્ષા કે સંશય ન કરો. દ્રવ્યસાપેક્ષ સત્કર્મ એટલે પરિસ્થિતિને માફક હોય તે રીતે સત્કર્મ કરો. સત્કર્મમાં જો દ્વિગુણિત સ્નેહ ન આવે તો સત્કર્મ વંધ્ય છે. સેવા એ ઈશ્વરનું ઘર છે. ઈશ્વરે આપેલી હાથપગની બક્ષિસને નિષ્ક્રિય ન બનાવતાં પ્રભુના કામ માટે ઉપયોગી બનાવવી. જે શરીરને ઈશ્વરે સંભાળ્યું છે તેને કોઈની સેવા લેવાની જરૂર નથી.

રામકથા મંદાકિની છે. મંદાકિની એટલે ગંગા. રામકથા ચિત્રકૂટ છે. કૂટ એટલે જથ્થો. ચિત્રવિચિત્ર વસ્તુઓનો જથ્થો. ચિત્ત એ ચિત્રવિચિત્ર વસ્તુઓનો જથ્થો છે. કથા બે ચીજ કરે : તત્ત્વવિશ્લેષણ અને તત્ત્વાન્વેષણ. તત્ત્વવિશ્લેષણ એટલે ગુણદોષને અલગ કરવાં, ગુણનું અનુસંધાન અને દોષનું વિસર્જન કરવું. તત્ત્વાન્વેષણ એટલે તત્ત્વને શોધીને ગ્રહણ કરવું તે. તત્ત્વવિશ્લેષણ ને તત્ત્વાન્વેષણ કરી શકે તે ચિત્રકૂટ કહેવાય વગર માંગે અને વગર મહેનતે ફળે એ જ કલ્પતરુ છે.

ભગવત્સ્નેહ એ વન છે. સાંભળનાર અને સંભળાવનાર વચ્ચે સ્નેહ જોઈએ. ચિત્રકૂટ પર્વત પર દિલનો બાગ બનાવીને કથારૂપી મંદાકિનીમાં ભગવાન રાગ અને અનુરાગ કરાવે છે. રાગ અને અનુરાગ એ વિરાગનાં મંદિર છે. રામચંદ્રનું ચરિત્ર ચિંતામણિ છે. ચિંતા દૂર કરનારું છે. ચરિત્ર શૃંગાર છે શૃંગાર સુખના શિખર સુધી લઈ જાય. સત્પુરુષનું ચરિત્ર એ સન્મિત્ર છે. મનવજીવનરૂપી ઉદ્યાનનાં ત્રણ બીજ તે વ્રત, ધર્મ ને નિયમ. આ ત્રણ રામચરિતનાં બીજ છે વ્રત એટલે પોતાની વસ્તુ સિવાય બીજાની વસ્તુ જરા પણ ન વપરાય એવી પરિપક્વતા.

વિચાર નામના રાજાને રામચરિત્ર મંત્રી બનાવે છે જીવનરૂપી વનમાં કામ એ શિયાળ છે ને ક્રોધ એ વાઘ છે. દારિદ્ર્યનો દુઃખરૂપી દાવાનલ સૂકવનાર શ્રીરામનું ચરિત્ર છે. હેતુ વિના અર્થાત્ નિષ્કારણ હિત સાધનારો સાધુ એ શ્રીરામચરિત્ર છે. મનસરોવરમાં શોભતો હંસ રામચરિત્ર છે.

( ક્રમશઃ )

★

સુખ અને દુઃખ એ તો જીવનનાં અનિવાર્ય અંગ છે. જેમ દિવસ પછી રાત્રી અને રાત્રી પછી દિવસ આવે છે તેમ સંસારમાં કોઈને એકલું સુખ કે દુઃખ પ્રાપ્ત થતું નથી. માટે દુઃખમાં હિંમત ન હારતાં ધૈર્ય ધારણ કરવાથી દુઃખ હળવું બને છે અને સુખમાં અભિમાન ન કરતાં સાદાઈથી રહેવાથી સુખની મહત્તા વિશેષ બને છે.

—નવીન

# દક્ષ, શિવ અને સતી

**શ્રી ડોંગરે મહારાજ**

પ્રયાગરાજમાં મોટું બ્રહ્મસત્ર થયું છે. બ્રહ્મસત્ર એટલે બ્રહ્મ સંબંધી વિચાર કરનારી સભા. સભામાં શિવજી અધ્યક્ષસ્થાને છે. આ સમયે દક્ષ પ્રજાપતિ ત્યાં આવ્યા છે. ઉત્તમ ભક્ત જ્યાં બેઠો હોય છે ત્યાં જ ભક્તિ કરે છે. શિવજી ભગવાન નારાયણનું ધ્યાન કરી રહ્યા છે. સભામાં કોણ આવ્યું ને કોણ ગયું તેનું એમને ભાન નથી. દક્ષ પ્રજાપતિ ત્યાં આવ્યા એટલે બીજા દેવોએ ઊભા થઈ તેમને માન આપ્યું. શિવજી ઊભા થયા નહીં. આ વખતે દક્ષે ક્રોધિત થઈ શિવની નિંદા કરી છે. દક્ષને ક્રોધ આવ્યો અને ક્રોધમાં તે શિવજીની નિંદા કરવા લાગ્યો. ભાગવતના ટીકાકાર શ્રીધર સ્વામીએ એ નિંદામાંથી સ્તુતિનો અર્થ કર્યો છે. નિંદાનાં વચનોમાંથી પણ શિવની સ્તુતિરૂપ અર્થ કાઢયો છે. શ્રીમદ્ ભાગવત ઉપરની સૌથી ઉત્તમ ટીકા શ્રીધર સ્વામીની માનવામાં આવી છે.

દશમ સ્કંધમાં શિશુપાલે શ્રી કૃષ્ણની નિંદા કરી છે. તેનો પણ શ્રીધરસ્વામીએ સ્તુતિપરક અર્થ કર્યો છે, કારણ કે નિંદા સાંભળવાથી પાપ લાગે છે. નિંદા એ નરક સમાન છે. જે વ્યક્તિ હાજર ન હોય તેના દોષનું વર્ણન કરવું એ નિંદા. શિવજીની નિંદા ભાગવત જેવા શ્રેષ્ઠ ગ્રંથમાં શોભે નહીં.

દક્ષ પ્રજાપતિ નિંદામાં બોલ્યો છે: શિવ શ્મશાનમાં રહેનારા છે, પરંતુ એ તો સ્તુતિરૂપ છે. આખું જગત-આખો સંસાર શ્મશાન છે. કાશી એ મહાશ્મશાન છે. શરીર એ પણ શ્મશાન છે. ઘર એ પણ શ્મશાન છે. એટલે કે શિવજી જગતના સર્વ પદાર્થોમાં વિરાજેલો છે. આખું જગત શ્મશાનરૂપ હોવાથી અને શિવજી જગતના પ્રત્યેક પદાર્થમાં રહેલા હોવાથી વ્યાપક બ્રહ્મરૂપ છે. જગતની પ્રત્યેક વસ્તુમાં શિવતત્ત્વ-બ્રહ્મતત્ત્વ વ્યાપક છે.

ભગવાન શંકર આશુતોષ (જલદી સંતુષ્ટ થનારા) છે. રામને દરવાજે હનુમાનજી ઊભા છે. તેઓ કહે છે કે જેમણે મારા રામજીની મર્યાદાઓનું પાલન કર્યું હોય, જેમણે પરસ્ત્રીને માતા સમાન ગણી હોય તેને અહીં દાખલ થવાનો અધિકાર છે.

કનૈયો કહે છે: મારા દરબારમાં આવવું હોય તો ગોપી બનો. પ્રેમસ્વરૂપ ગોપી બનીને આવો તો મારા દરબારમાં પ્રવેશ મળશે.

જેને જરૂરિયાત બહુ ઓછી હોય તે ઉદ્ધાર થઈ શકે છે.

એક વખત કુબેરભંડારી શિવને પૂછે છે: હું તમારી શી સેવા કરું? શિવજી કહે છે: જે બીજાની સેવા માગે, બીજા પાસેથી સેવા લે તે વૈષ્ણવ નહીં; સેવા આપે તે વૈષ્ણવ, બીજાની સેવા કરે તે વૈષ્ણવ. મારે સેવાની કંઈ જરૂર નથી. માટે તું પણ મારી જેમ નારાયણ નારાયણ કર. કુબેરે પાર્વતીજી તરફ જોયું. માતાજીએ કહ્યું કે મારે માટે તું એક સોનાનો બંગલો બાંધજે. કુબેરે સુવર્ણમહેલ તૈયાર કર્યો. વાસ્તુપૂજા કર્યા વગર બંગલામાં જવાય નહીં. એથી શિવજીએ રાવણને વાસ્તુપૂજા માટે બોલાવ્યો છે. રાવણે વાસ્તુપૂજા કરાવી.

શિવજીએ રાવણને કહ્યું: જે માગવું હોય તે માગ. રાવણ માગે છે: આ તમારો મહેલ મને આપી દો.

પાર્વતીજી કહે છે: હું જાણતી હતી કે આ લોકો કંઈ રહેવા દેશે નહીં.

માગનારને 'આપીશ' એમ કહ્યા પછી ન આપવું એ મરણ સમાન છે. શિવજીએ બંગલો રાવણને આપી દીધો. રાવણ જેવો કોઈ મૂર્ખ થયો નથી. રાવણ ફરીથી શિવને કહે છે: મહારાજ, બંગલો તો સુંદર આપ્યો, હવે આ પાર્વતી પણ આપી દો. શિવ કહે છે: તને જરૂર હોય તો તું લઈ જા.

જગતમાં આવો દાનવીર થયો નથી. રાવણ માતાજીને ખભે બેસાડીને લઈ જાય છે. પાર્વતીજીએ શ્રીકૃષ્ણનું સ્મરણ કર્યું. શ્રીકૃષ્ણ ગોવાળ થઈ રસ્તામાં આવ્યા છે. તેઓ રાવણને પૂછે છે: આ તું કોને લઈ જાય છે? રાવણ કહે છે: શંકર ભગવાને મને પાર્વતી આપી દીધાં છે.

કૃષ્ણ કહે છે: તું કેવો ભોળો છે! શિવ કદી પાર્વતીને આપતા હશે? અસલ પાર્વતી તો એ પાતાળમાં સંતાડી રાખે છે. આ તો એમણે તને પાર્વતીની દાસી આપીને પટાવી દીધો છે. અસલ પાર્વતીના શરીરમાંથી કમળની સુગંધ નીકળે છે. આના શરીરમાંથી ક્યાં એવી સુગંધ નીકળે છે?

રાવણ શંકામાં પડ્યો. માતાજીની ઇચ્છા પણ રાવણ સાથે જવાની ન હતી. તેમણે શરીરમાંથી દુર્ગંધ કાઢી. રાવણે ત્યાં જ પાર્વતીને મૂકી દીધાં ને લંકા ચાલ્યો ગયો.

દક્ષ શિવની નિંદા કરતા કહે છે : શિવ સ્વૈરચારી છે, ગુણહીન છે.

આમાં પણ બીજો અર્થ સ્તુતિનો છે. પ્રકૃતિના કોઈ પણ ગુણ શિવમાં ન હોવાથી નિર્ગુણ બ્રહ્મરૂપ શિવ વિધિનિષેધથી પર (સ્વૈરચારી) છે. શાસ્ત્રની પ્રવૃત્તિ, વિધિનિષેધની પ્રવૃત્તિ અજ્ઞાની જીવ માટે છે, શિવજી માટે નથી.

દક્ષ પ્રજાપતિ બોલ્યા છે : આજથી કોઈ યજ્ઞમાં બીજા દેવો સાથે શિવને આહુતિ (ભાગ) આપવામાં આવશે નહીં. અહીં શ્રીધર સ્વામીએ અર્થ કર્યો છે કે 'સર્વ દેવોની સાથે નહીં. શિવજી સર્વ દેવોમાં શ્રેષ્ઠ હોવાથી મહાદેવ છે. એથી બીજા દેવોની પહેલાં શિવને આહુતિ આપવામાં આવશે અને યજ્ઞમાં જેટલું વધે તેટલું સમાપ્તિમાં શિવજીને આપવામાં આવશે.'

શિવપુરાણમાં કથા છે કે શંકર અને પાર્વતીનું લગ્ન હતું. લગ્ન વખતે ત્રણ પેઢીનું નામ લેવાનું હોય છે. શિવને પૂછવામાં આવ્યું કે તમારા પિતાનું નામ બતાવો. શિવ વિચારમાં પડી ગયા. મારો પિતા કોણ? વાસ્તવમાં સનાતન શિવતત્ત્વનો જન્મ જ નથી. આ વખતે નારદજીએ શિવને કહ્યું : બોલો ને. તમારા પિતા બ્રહ્મા છે. શિવે તે પ્રમાણે કહ્યું. ત્યાર પછી શિવને પૂછવામાં આવ્યું : તમારા દાદા કોણ? શિવે કહ્યું : વિષ્ણુ દાદા છે. તે પછી પૂછવામાં આવ્યું : પરદાદા કોણ? ત્રણ પેઢીઓનું નામ લેવું પડે છે. હવે કોનું નામ લેવું? શિવજી બોલ્યા : હું જ સર્વનો પરદાદો છું.

जगतः पितरौ वंदे पार्वतीपरमेश्वरौ । શિવજી મહાદેવ છે. તેમના મસ્તકમાં જ્ઞાનરૂપી ગંગા છે. એથી નિંદા સાંભળી છતાં તેમનામાં સમભાવ જ રહ્યો. પ્રતિકાર કરવાની શક્તિ હોવા છતાં જે સહન કરે એને જ ધન્ય છે, એ જ મહાપુરુષ છે.

જેના માથે જ્ઞાનગંગા હોય તે જ નિંદા સહન કરી શકે છે, નિંદા સહન કરવી મુશ્કેલ છે. નિંદાને સમભાવે સહન કરી શકશે એ જ ભગવદ્-ભાવની પ્રાપ્તિમાં આગળ વધી શકશે.

કલહ વધારે એ વૈષ્ણવ નહીં એથી શિવજી એક શબ્દ પણ સભામાં બોલ્યા નથી.

સભામાં શિવના ગણ નંદિકેશ્વર વિરાજેલા હતા. નંદિકેશ્વરથી આ સહન થયું નહીં. નંદિકેશ્વરે દક્ષને ત્રણ શાપ આપ્યા છે : જે મુખથી તેં નિંદા કરી છે તે તારું માથું તૂટી પડશે. તને બકરાનું માથું ચોંટાડવામાં આવશે. તને કોઈ દિવસ બ્રહ્મ-વિદ્યા પ્રાપ્ત થશે નહીં.

શિવનિંદા કરનારને મુક્તિ મળતી નથી, શિવતત્ત્વને છોડી ગયેલી બુદ્ધિને સંસારમાં ભટકવું પડે છે. તેને દુઃખ થાય છે અને ક્યાંય શાન્તિ મળતી નથી. શિવનિંદા કરનારો કામનો વિનાશ કરી શકતો નથી.

શિવજી નંદિકેશ્વરને કહે છે : તું શું કરવા શાપ આપે છે? શિવને લાગ્યું કે હું અટકાવીશ નહીં તો નંદિકેશ્વર બીજા દેવોને પણ શાપ આપશે. એટલે તેને અટકાવીને પછી તરત શિવ કૈલાસમાં આવ્યા. શિવે મનમાં કંઈ રાખેલું નહીં એટલે કૈલાસ આવીને સતીને કંઈ વાત કરી નથી. ભૂતકાળનાં માન-અપમાનનો વિચાર કરે એને ભૂત વળગ્યું છે એમ માનવું.

ત્યાર પછી દક્ષપ્રજાપતિએ કનખલ ક્ષેત્રમાં યજ્ઞનો આરંભ કર્યો છે. દક્ષે હઠાગ્રહ રાખ્યો કે મારા યજ્ઞમાં હું વિષ્ણુની પૂજા કરીશ પણ શિવની પૂજા નહીં કરું. દેવોએ કહ્યું કે તો તારો યજ્ઞ સફળ થશે નહીં. છતાં દક્ષે દુરાગ્રહથી યજ્ઞ કર્યો. જે યજ્ઞમાં શિવપૂજા નથી, ત્યાં ભગવાન વિષ્ણુ પધારતા નથી. બ્રહ્મા અને દધીચિ પણ યજ્ઞમાં ગયા નથી. કેટલાક દેવો કજિયો જોવાની મજા પડશે એ આશાથી જવા નીકળ્યા છે. વિમાનમાં બેસી દેવો જાય છે. સતીએ આ વિમાનો જતાં જોયાં. સતી વિચારે છે કે આ દેવકન્યાઓ કેટલી ભાગ્યશાળી છે! તેઓ ક્યાં જતી હશે? એક દેવકન્યાએ કહ્યું, અમે તમારા પિતાને ત્યાં યજ્ઞમાં જઈએ છીએ. શું તમને એની ખબર નથી? યજ્ઞમાં આવવાનું તમને આમંત્રણ નથી? દક્ષે દ્વેષબુદ્ધિથી શિવને આમંત્રણ આપેલું નહીં.

સતી જાણતાં નથી કે મારા પતિ અને પિતા વચ્ચે અણબનાવ થયો છે. સતીને પિતાને ત્યાં જવાની બહુ ઉતાવળ થઈ છે. સમાધિમાંથી શિવજી જાગ્યા છે. શિવજી પૂછે છે, દેવી, આજે કેમ કંઈ બહુ આનંદમાં છો ?

સતી કહે છે: તમારા સસરાજી મોટો યજ્ઞ કરે છે.

શંકર કહે છે: દેવી, આ સંસાર છે. તેમાં કોઈને ઘેર લગ્ન તો કોઈને ઘેર મરણ હોય. સર્વ સંસાર દુઃખથી ભરેલો છે. સુખરૂપ એક પરમાત્મા છે. તારા અને મારા પિતા નારાયણ છે.

સતી કહે છે: મહારાજ, તમે કેવા નિષ્ઠુર છો કે તમને કોઈ સગાં–સંબંધીઓને મળવાની ઇચ્છા થતી નથી ?

શંકર કહે છે: દેવી, હું બધાંને મનથી મળું છું, હું કોઈને શરીરથી મળતો નથી. પ્રત્યક્ષ શરીરથી કોઈને મળવાની મને ઇચ્છા થતી નથી.

સતી બોલ્યાં: તમે તત્ત્વનિષ્ઠ છો, બ્રહ્મરૂપ છો, પણ નાથ, મને મારા પિતાને ત્યાં જવાની બહુ ઇચ્છા છે. તમે પણ આવો. આપણે બંને જઈએ. ત્યાં તમારું સન્માન થશે.

શિવજી : મને સન્માનની ઇચ્છા નથી.

સતી કહે છે : નાથ, તમને બધું જ્ઞાન છે, પણ એક વસ્તુનું જ્ઞાન નથી. તમને વ્યવહારનું જ્ઞાન બરાબર નથી. આપણે કોઈને ત્યાં ન જઈએ તો આપણે ત્યાં પણ કોઈ આવે નહીં.

ભોળાનાથ બોલ્યા : બહુ સારું. કોઈ નહિ આવે તો આપણે બેઠાં બેઠાં રામરામ કરીશું.

સતી કહે છે: ખોટું ન લગાડો તો કહું. કન્યાને પિયરમાં જવાથી કેવું સુખ મળે છે તેનું જ્ઞાન તમને નથી. તમે કન્યા થાઓ, તમારું લગ્ન થાય તે પછી તમને ખબર પડે કે કન્યાને પિયરમાં જવાથી કેવું સુખ મળે છે. તમારે આવવું જ પડશે.

શિવ કહે છે: દેવી, જગતમાં ભટકવાથી શાન્તિ નહીં મળે.

શિવજી સતીને આજ્ઞા કરે છે કે તમે એક જગ્યાએ બેસી પ્રભુને રીઝવો. મનમાં જ્યાં સુધી જડ પદાર્થ કે બીજો જીવ આવે છે ત્યાં સુધી તેમાં પરમાત્મા આવતા નથી. બહુ ભટકનારનાં મન અને બુદ્ધિ પણ બહુ ભટકતાં બની જાય છે. સતીરૂપ બુદ્ધિ શંકરરૂપ ભગવાનને છોડીને જાય તો બહુ ભટકે છે અને છેવટે વિનાશને પામે છે.

શિવજી કહે છે : તારા પિતાએ મારું અપમાન કર્યું છે. ત્યાં જવામાં સાર નથી.

સતી કહે છે : નાથ, તમારી કાંઈ ભૂલ થઈ હશે. મારા પિતા કંઈ મૂર્ખ નથી કે એમ ને એમ તમને ગાળો આપે.

શિવજી કહે છે : મેં તેમનું કંઈ અપમાન કર્યું નથી. શિવજીએ બધો યજ્ઞપ્રસંગ કહી સંભળાવ્યો.

સતીચરિત્ર એટલે પિતૃસ્નેહ અને પતિનિષ્ઠાની ખેંચતાણ છે.

સતી—આપે મારા પિતાજીને માન કેમ ન આપ્યું ?

શિવજી—મેં મનથી તારા પિતાજીને માન આપેલું. હું કોઈનું અપમાન કરતો નથી. તારા પિતાના અંતરમાં આત્મારૂપે બેઠેલા વાસુદેવને મેં વંદન કર્યાં હતાં.

સતી બોલ્યાં—આ વેદાન્તની પરિભાષા લાગે છે. મારા પિતાના અંતરમાં રહેલા વાસુદેવ કૃષ્ણને તમે વંદન કર્યાં તે મારા પિતાને કેમ ખબર પડે ! તમે એ વાત હવે ભૂલી જાઓ.

શિવ—દેવી, હું ભૂલી ગયો છું, પરંતુ તારા પિતા હજુ ભૂલ્યા નથી.

સતીને ભગવાન શંકર સમજાવે છે કે જ્યાં મને માન નથી ત્યાં જવાથી તમારું પણ અપમાન થશે. તમે માનિની છો. મારી જેમ તમે અપમાનને સહન કરી શકશો નહીં, તેથી તમે ત્યાં ન જશો. જશો તો અનર્થ થશે.

સતીએ માન્યું નહીં. તેણે વિચાર્યું કે હું યજ્ઞમાં જઈશ નહીં તો પતિ અને પિતા વચ્ચેનું વેર વધશે, સૌને એમના વેરની જાણ થશે. સતીએ વિચાર્યું કે હું ત્યાં જઈ પિતાજીને કહીશ કે હું તો વગર આમંત્રણે આવી છું, પણ મારા પતિ આમંત્રણ વિના નહીં આવે, માટે ભાઈને તેમને તેડવા માટે મોકલો. આ રીતે હું પિતા અને પતિ વચ્ચે વેર ઉત્પન્ન થયું છે તેની શાન્તિ કરીશ.

# સંયમની સિદ્ધિ

શ્રી "શિવશક્તિ"

જેમ લગામ વિનાનો ઘોડો નકામો છે, અંકુશ વિનાનો હાથી નકામો છે, ગવર્નર વિનાની સાઇકલ નકામી છે, તેમ સંયમ વિનાનો માનવી નકામો છે. સંયમ વિનાનો માનવી એ સુકાની વિનાની નાવ જેવો છે. માનવીના જીવનમાં સંયમ અતિ મહત્ત્વનો ભાગ ભજવે છે. સંયમને અભાવે માનવી પશુ બને છે, જ્યારે સંયમના સાંનિધ્યમાં દેવ બની જાય છે.

માનવીમાં બે વૃત્તિઓ સુષુપ્ત દશામાં રહેલી છે: દૈવી અને આસુરી. ક્યારેક દૈવી વૃત્તિ જોરમાં આવે છે તો ક્યારેક આસુરી વૃત્તિ જોરમાં આવે છે. જ્યારે માનવજીવનમાં દૈવી વૃત્તિ જોર પકડે છે ત્યારે તે દેવતું રૂપ ધારણ કરે છે અને જ્યારે આસુરી વૃત્તિ જોર પકડે છે ત્યારે રાક્ષસનું રૂપ ધારણ કરે છે. પરંતુ આસુરી વૃત્તિઓ પર સંયમ રાખી, આ વૃત્તિઓનું માનવી દમન કરતો થઈ જાય તો જરૂર તે પોતાના જીવનને પલટી શકે છે. ગીતામાં કહ્યું છે કે "ઇન્દ્રિયોને વશમાં–સંયમમાં રાખે છે તે ઈશ્વરમાં તન્મય–લીન થઈ શકે છે, અને તેની બુદ્ધિ સ્થિર થાય છે." આ છે સંયમની સિદ્ધિ અને શક્તિ. ઋષિમુનિઓએ તપ અને વ્રતો ઉપર ભાર મૂક્યો છે તેના ઊંડાણમાં સંયમનો જ સિદ્ધાંત રહેલો છે એ નિર્વિવાદ હકીકત છે.

ત્રણ દાયકા પહેલાંના અને હાલના જીવન ઉપર દૃષ્ટિપાત કરીશું તો જણાશે કે વર્તમાન જીવનમાં માનવીની દરેક વૃત્તિ ઉપર સંયમની ઘણી જરૂર છે. દા. ત. સ્વાદવૃત્તિ ઉપર સંયમ, વાણી ઉપર સંયમ, વાસના ઉપર સંયમ, વિચારો પર સંયમ વગેરે. આરોગ્યનો નાશ થતો અટકાવવા માટે સ્વાદવૃત્તિ ઉપર સંયમ રાખવાની ખાસ જરૂર છે. કેવળ જીભને ખુશ રાખવાથી માનવીનું શરીર રોગનું ઘર બની જાય છે. અંતે તેનું જીવન બરબાદ થઈ જાય છે.

વાણીનો સંયમ સમાજજીવનમાં અતિ મહત્ત્વનો ભાગ ભજવે છે. માનવ જો વાણી ઉપર સંયમ ન રાખે તો અનેકના કુટુંબમાં ઝેર રેડાતાં વાર લાગતી નથી. એકવાર ગમે તેમ બોલી જવાથી પછી બોલાયેલું પાછું ખેંચી લઈ શકાતું નથી.

તલવારનો ઘા રુઝાય છે પણ વાણીનો ઘા રુઝાતો નથી. વાણી ઉપર સંયમ ન રાખવાથી અનેક સત્તાઓની ફેરબદલી ઇતિહાસના પાને નોંધાયેલી છે.

વાણીના સંયમની જેમ વિચારના સંયમની પણ જરૂર છે વિચારોમાં નિરંકુશતા આવી જાય તો માણસ ન કરવાનાં કામ કરી બેસે છે. ખરાબ વિચારો ઉપર અંકુશ રાખવા માટે સત્સંગ, સદ્‌વાચન, ભજન એ મહત્ત્વનો ભાગ ભજવે છે.

એક મહત્ત્વની વાત યાદ રાખવા જેવી છે કે બળજબરીથી લાદવામાં આવેલો સંયમ એ લાભ કરતાં હાનિકારક છે. સમજપૂર્વકના સંયમથી જ માનવ પોતાની પ્રગતિ કરી શકે છે. બળજબરીથી લાદવામાં આવેલા સંયમથી આનંદનો નાશ થાય છે, જ્યારે સ્વેચ્છાએ સ્વીકારેલો સંયમ જીવનમાં અમૃત સિંચી તેને ઉત્સાહિત બનાવે છે.

આપણા દેશની સંસ્કૃતિનો મુખ્ય આધાર સંયમ છે. આજે દેશમાં વધારેમાં વધારે કોઈ વૃત્તિ કેળવવાની જરૂર હોય તો તે સંયમની છે. જે પ્રજા સંયમ રાખી શકે કે કેળવી શકે છે તે પ્રજા બળવાન, સુદૃઢ અને નીરોગી રહે છે. જે દેશની પ્રજા સંયમહીન અને વિલાસપ્રિય થાય છે તે દેશની અધોગતિ થાય છે અને અંતે વિનાશ નોતરે છે. સંયમ સાથેની સંસ્કૃતિ હંમેશાં ચિરંજીવ હોય છે, જ્યારે સંયમ વિનાની સંસ્કૃતિ ક્ષણિક હોય છે. અને આવી સંસ્કૃતિનો જલદી અંત આવે છે.

આમ સમગ્ર દૃષ્ટિએ વિચારીશું તો સમજાશે કે માનવીને જીવનમાં સંયમની ઘણી જરૂર છે. જીવનઘડતર અને ચારિત્ર્ય માટે સંયમ ખૂબ જ ઉપયોગી છે. જેણે પોતાના જીવનમાં સંયમને સ્થાન આપ્યું નથી તેનું જીવન એકડા વિનાના મીંડા જેવું છે. માટે જ સમાજ, ચારિત્ર્ય અને રાષ્ટ્રના ઘડતર માટે સંયમની વૃત્તિ કેળવવી ખૂબ જરૂરની છે.

# ગો-માતા

**पृष्ठे ब्रह्मा गले विष्णुर्मुखे रुद्रः प्रतिष्ठितः ।**
**मध्ये देवगणाः सर्वे रोमकूपे महर्षयः ॥**

ગોમાતાના પાછળના શરીરમાં બ્રહ્મા, ગળામાં વિષ્ણુ અને મુખમાં રુદ્ર રહેલા છે. મધ્યભાગમાં સર્વ દેવતાઓ રહેલા છે અને તેની રુવાંટીનાં છિદ્રોમાં મહર્ષિઓ રહેલા છે. (એવી ગોમાતાનું નિત્ય સર્વ ગૃહોમાં પાલન થવું જોઈએ.)

**नागाः पुच्छे खुराग्रेषु ये चाष्टौ कुलपर्वताः ।**
**मूत्रे गङ्गादयो नद्यो नेत्रयोः शशिभास्करौ ॥**

ગોમાતાના પૂંછડામાં નાગદેવતાઓ, ખરીઓના આઠ અગ્રભાગોમાં આઠ કુલપર્વતો, એના મૂત્રમાં ગંગા વગેરે નદીઓ અને બંને નેત્રોમાં સૂર્ય-ચંદ્ર રહેલા છે. (એવી ગોમાતાનું નિત્ય સર્વ ગૃહોમાં પાલન થવું જોઈએ.)

**एते यस्यास्तनौ देवाः सा धेनुर्वरदास्तु मे ।**
**वर्णितं धेनुमाहात्म्यं व्यासेन श्रीमता स्वयम् ॥**

ઉપર કહેલા સર્વે દેવતાઓ જેના શરીરમાં નિવાસ કરે છે એવી ગોમાતા, મારાથી પાલન વડે પ્રસન્ન કરાયેલી મને અભીષ્ટ આપનારી થાઓ. ગોમાતાનું આ માહાત્મ્ય સ્વયં શ્રી વેદવ્યાસે મહાભારતમાં વર્ણવ્યું છે.

**गावो मे अग्रतः सन्तु गावो मे सन्तु पृष्ठतः ।**
**गावो मे हृदये सन्तु गवां मध्ये वसाम्यहम् ॥**

મારી આગળના ભાગમાં ગાયો હો. મારી પાછળના ભાગમાં ગાયો હો. મારા હૃદયમાં ગાયો પ્રત્યે આદર હો અને હું સદા ગાયોની વચ્ચે નિવાસ કરું (એવી મારી અભિલાષા છે).

**पयो दधि घृतं चैव मधु च शर्करायुतम् ।**
**पञ्चामृतं सदा पथ्यं बुद्धिस्वास्थ्यविवर्धनम् ॥**

ગાયનું દૂધ, ગાયનું દહીં, ગાયનું ઘી, મધ અને સાકર આ પાંચે વસ્તુઓ સદા અમૃતતુલ્ય હિતકારી છે. તે બુદ્ધિ અને આરોગ્યને વધારનારી છે.

**गोमूत्रं गोमयं क्षीरं दधि सर्पिः कुशोत्तरम् ।**
**सर्वपापविशुद्ध्यर्थं पञ्चगव्यं पुनातु माम् ॥**

ગોમૂત્ર, ગોમય (ગાયનું છાણ), ગાયનું દૂધ, ગાયનું દહીં અને ગાયનું ઘી-દર્ભ સહિત-આ પંચગવ્યનું આચમન કરવાથી દેહની પવિત્રતા થાય છે અને અશુદ્ધ સ્થળે છાંટવાથી સ્થળની શુદ્ધિ થાય છે.

# અકળ તારી લીલા !

શ્રી હરિશ્ચંદ્ર

'અરેરે ! બંગાળમાં કેવી ભયંકર સ્થિતિ ઊભી થઈ છે ! લોકો આઠ આઠ દિ'થી ભૂખ્યા છે. મેદનીપુરમાં તો ઘાસ બાફીને ખાય છે !' અખબાર વાંચતાં રાવસાહેબનો કંઠ ભરાઈ આવ્યો.

'મિયાં દૂબલે કયોં ? સારે ગાંવકી ફિકર. આમ બધાંના દુઃખનો વિચાર કરતાં આપણે ક્યાં બેસીએ ? ઈશ્વરની જેવી ઇચ્છા.' ચાનો કપ તૈયાર કરતાં માલતીબહેન બોલ્યાં.

'અરે ! હજી આગળ તો સાંભળ. એક માણસ પોતાના મરણોન્મુખ બાળક માટે બે કોસ દૂર જઈ પાવળું દૂધ લઈ આવ્યો. પણ તેની ઉપર ઝાપટ મારી કૂતરો તે પી ગયો. થોડું વધારે દૂધ ચામાં રેડ.' ચાનો પ્યાલો હાથમાં લેતાં રાવસાહેબ બોલ્યા.

'છોકરો દૂધ વિના તરફડી મર્યો હશે, નહીં વારુ ! પણ આવા દુકાળિયા વિચાર સાથે ચા પીશો તો મીઠી કેવી રીતે લાગશે ?'

'નાખ ત્યારે એકાદ ચમચો વધુ ખાંડ. કરુણાજનક બાતમી તો હવે પછી આવે છે. એક ડોશો ભૂખથી વ્યાકુળ અને ઠંડીથી વિહ્વળ થઈ લાચાર હાલતમાં રસ્તે પડ્યો હતો. રાત્રે શિયાળ અને કૂતરાઓએ ભેગા થઈ તેના માંસની ઉજાણી કરી.' ટેબલ પરના પાંઉનો ટુકડો કાપતાં રાવસાહેબ બોલ્યા.

'અરેરે ! નથી સાંભળ્યું જતું આ હૃદયદ્રાવક વર્ણન.' માખણ ચોપડીને તૈયાર કરેલ સેન્ડવીચ મોંમાં મૂકતાં માલતીબહેન બોલ્યાં. 'પણ ઈશ્વરની ઇચ્છા જ એવી કાંઈ હશે. કોઈ એકલદોકલ થોડું છે તે આપણાથી પહોંચી વળાય ? તમે જ કહેતા હતા ને કે વસ્તી ઓછી કરવા સૃષ્ટિદેવતા આવું કરતા હશે !'

ત્યાં તો 'કાકા આવું કે ?' કહી એક છોકરાએ પ્રવેશ કર્યો.

'ભાઈ, કોણ તું ?'

'હું વાડીભાઈનો વિનુ.'

'બેસ, ભાઈ, બેસ. શરમાઈશ નહીં હો. તું તો ચા નહીં પીતો હોય. તારા બાપની ટેવો હું જાણું ને !' ખી–ખી કરતા રાવસાહેબ બોલ્યા, 'સાંભળ્યું કે ? હું ઘણીવાર યાદ કરતો હોઉં છું ને પેલા મારા લંગોટિયા દોસ્તને, તેનો આ છોકરો. બાપ જેવો જ વિનયશીલ લાગે છે હો કે ! ભાઈ, કેમ છે તારા બાપુ ? હમણાં તો વર્ષોથી અમે મળ્યા નથી.'

'બે વર્ષથી લકવાથી પીડાતા પથારીમાં પડ્યા છે. માય હાર્ટ બ્લીડ્ઝ ! કેવો પરગજુ માણસ ! પ્રભુ, તારી લીલા અકળ છે !'

'એમને પેન્શન તો મળતું હશે ?'

'ના રે ના. એ તો ખાનગી નિશાળમાં હતા ને ! બોરડું ગિરો મૂકી બે વર્ષ જેમતેમ નભાવ્યું.'

'શિવ, શિવ, શિવ ! દુશ્મનનેય પ્રભુ આવા દિવસો ન દેખાડે. બોલ ભાઈ, બોલ ! કાંઈ ચિઠ્ઠી–ચિઠ્ઠી જોઈએ છે ?'

'મારે મેટ્રિકથી આગળ ભણવું છે !' એ બીતાં બીતાં બોલ્યો.

'ઘેર આવી મુશ્કેલી અને તું હજી ભણવાનો, બેટા ?'

'કાકા ! મારા ભવિષ્યનો વિચાર પણ કરવાનો ને ! માત્ર તમારે ત્યાં રાતે પડી રહેવાની સગવડ...' થોથવાતી જીભે તેણે કહ્યું.

'અરે, એમાં શી મોટી વાત છે ? પણ જો ને ભાઈ, અમારા બંગલામાં એકેય સ્પેર રૂમ નથી. તેની પેરવીમાં જરૂર રહીશ. પણ તું માત્ર અમારા પર આધાર રાખીને ન બેસતો.'

'જગ્યાનું ન થાય તો એકાદ ટંક જમાડશો ?'

'અરે, એમાં કાંઈ પૂછવાનું હોય ? વાડીભાઈનો દીકરો તે મારો જ દીકરો. પણ આ રેશનિંગની મોકાણ છે ને ! અઠવાડિયાનું અનાજ માંડ પાંચ દિવસ ખેંચે છે ! અરે ભગવાન ! કેવા દિવસો આવ્યા છે ! કંઠે પ્રાણ આવે છે !'

'ફી પૂરતા પૈસા મળી શકશે ?'

'ભાઈ ! હમણાંની કાળી મોંઘારતમાં મારે જ કરજ કરવું પડે છે. આ મોટર–બંગલાના

ટેક્સ, છોકરો પબ્લિક સ્કૂલમાં ભણે છે તેના દર મહિને ૨૦૦, અને બેબીને દિલ્હીની મેડિકલ કૉલેજમાં મૂકી છે તેના ૨૫૦. અને ઘરખર્ચની તો વાત શું કરું ? મારી પોતાની અસહાયતા જોઈ ને મારું દિલ પીગળી જાય છે ! હા, પણ એક રસ્તો સૂઝે છે. જોકે કહેતાં જીભ નથી ઊપડતી. તું લશ્કરમાં નોકરી લઈ લે તો !'

'કાકા, તમે તમારાં દીકરા–દીકરીને...'

'વાડીલાલને લકવો થયો છે સાંભળી મારું તો અર્ધું અંગ ખોટું થઈ ગયું છે. અને આ વિનુને જોઈ ને તો મારું કાળજું કોરાઈ જાય છે!' કહી રાવસાહેબ હૃદય પર હાથ મૂકી આરામ-ખુરશીમાં ફસડાઈ પડયા.

ગભરાઈ ને માલતીબહેન બોલ્યાં, 'આમનું દિલ ખૂબ જ કોમળ છે. કોઈનું દુ:ખ જુએ કે કોઈ આત્મીયજનને લાંબે વખતે મળે તો એમનું બ્લડપ્રેશર વધી જાય છે. ફરી તને જોશે તોયે એમની ગભરામણ વધી જશે. માટે ફરી તું આ તરફ ફરકીશ નહીં, હો ! પ્રભુ તને સુખી રાખશે. જા બેટા !'

થોડી ક્ષણો પછી રાવસાહેબ આંખો ખોલી બોલ્યા, 'ગયો કે પેલો ?...બીજો અડધો કપ ચા આપ, મેન્ટલ ડિપ્રેશન થઈ ગયું છે !'

(ચિંતામણ વિનાયક જોશીના મરાઠી નાટકના આધારે)

# પવિત્રતાનું કારણ

એક દિવસ એક માણસે એકનાથ મહારાજને પૂછ્યું : "મહારાજ, તમારું જીવન કેટલું બધું પવિત્ર અને કેટલું સરળ તથા નિષ્પાપ છે! અમારું જીવન કેમ આવું નથી હોતું ? તમે કોઈ દિવસ કોઈની ઉપર નારાજ નથી થતા કે નથી કોઈની સાથે ઝઘડો કરતા. આપ તો બિલકુલ શાંત, પ્રેમાળ અને પવિત્ર છો. તેનું કારણ શું છે ?"

એકનાથ મહારાજે કહ્યું, "ભાઈ, મારી વાત જવા દે. પણ તારા વિષે મને એક વાતની તો જાણ થઈ ગઈ છે કે આજથી સાત દિવસની અંદર તારું મૃત્યુ થશે."

એકનાથ જેવા પવિત્ર અને સંત પુરુષની વાતને કોણ ન માને ? પેલો માણસ તો ગભરાઈ ને ઘેર ગયો. બસ, હવે તો જિંદગીના ફક્ત સાત જ દિવસ બાકી રહ્યા ! અંત વખતની તૈયારી કરવા માટે તેણે તો બધું સમેટવા માંડયું; અને અત્યારથી જ ઢીલોઢફ થઈ ને સૂઈ ગયો. છઠ્ઠે દિવસે એકનાથ મહારાજ પેલા મનુષ્યને ઘેર ગયા. તેણે તેમને પ્રણામ કર્યા. એકનાથે તેને પૂછ્યું, "કેમ છે ભાઈ ?"

પેલા મનુષ્યે જવાબ આપ્યો, "બસ મહારાજ, હવે તો ઉપર જવાની જ તૈયારી છે." એકનાથજીએ તેને પ્રશ્ન પૂછ્યો : "આ છ દિવસમાં કેટલું પાપ કર્યું ? પાપના કેટલા વિચાર આવ્યા ?"

મરણપથારીએ પડેલ પેલા મનુષ્યે જવાબ આપ્યો, "મહારાજ, પાપના વિચાર કરવાની તો જરાય નવરાશ જ મળી નથી. બસ, ચોવીસે કલાક આંખ આગળ મોત જ ભમ્યા કરતું હતું."

એકનાથ મહારાજે સ્વાભાવિક હસતાં હસતાં કહ્યું, "કેમ ભાઈ, અમારું જીવન નિષ્પાપ અને આટલું પવિત્ર શા માટે છે તેનું કારણ હવે તને સમજાયું ને ?"

મરણ રૂપી સિંહ હંમેશાં સામે મોઢું ફાડીને ઊભો હોય પછી કેવી રીતે પાપનો વિચાર પણ આવે ? પાપ કરવા માટે પણ નિશ્ચિંતતા જોઈએ. મરણનું હંમેશાં સ્મરણ રાખવાથી પાપથી મુક્ત રહી શકાય છે.

—નવીન

# બુદ્ધિની કસોટી (રમૂજી બાલવાર્તા)

શ્રી શ્યામશંકર પંડ્યા

ત્રણ મિત્રો : છગન, મગન અને મફત ત્રણે લગભગ સરખી ઉંમરના, એક જ ગામના અને વળી એક જ નાતના. એથી કરીને તેમની વચ્ચે સારો મેળ હતો. પ્રાથમિક શિક્ષણ તો દરેકે પોતાના ગામની નિશાળમાં લીધું. પછી વધુ અભ્યાસ માટે તેમના ગામમાં સગવડ ન હતી. ત્રણે જણા હોશિયાર તો ખરા. વધુ ભણવાની ઇચ્છા ખરી ! પણ હવે શું થાય? ઘરના પણ સામાન્ય એટલે બહારગામ બોર્ડિંગમાં રહીને ભણવાનું પાલવે તેમ ન હતું. હવે કરવું શું? ત્રણે જણે ભેગા થઈને એક યોજના કરી : નજીકના મોટા ગામમાં ભણવા જવું અને ત્રણે જણે ભેગા રહી સાદાઈથી હાથે રાંધીને ખાવું પણ ભણતર બંધ ન કરવું. તેમનાં માબાપે આ યોજના મંજૂર કરી અને છગન, મગન અને મફત નજીકના મોટા ગામે ભણવા ગયા.

ત્રણે મિત્રોએ એક રૂમ ભાડે રાખી. ઘેરથી અનાજ–ઘી વગેરે લાવતા અને રસોઈ વગેરે હાથે બનાવતા તેથી થોડા ખર્ચમાં અને સાદાઈથી તેમનું ગાડું ચાલવા માંડ્યું. દરરોજ તો સાદી રસોઈ બનાવતા પણ કોઈ વાર–તહેવાર કે રજાનો દિવસ હોય તો કંઈ સારું ખાવાનું બનાવતા. બેત્રણ રજાઓ સામટી પડે તો પોતાના ઘેર પણ જઈ આવતા. એટલામાં શ્રાવણ મહિનામાં બળેવનો તહેવાર આવ્યો. ચોમાસાના દિવસ એટલે વરસાદ પણ આવ્યા કરે. આવા વરસાદમાં ઘેર જવાનો વિચાર બંધ રાખી બળેવનો તહેવાર પોતાની રૂમમાં જ ઊજવવાનો ત્રણે મિત્રોએ નિર્ણય કર્યો.

હવે તહેવાર તો ઊજવવો પણ મિષ્ટાન્ન વિના તહેવારની મહત્તા શી? ખાવાનું શું બનાવવું? આ અંગે થોડી ચર્ચાના અંતે દૂધપાક બનાવવાનો નિર્ણય કર્યો. રસોઈમાં દાળ ભાત–કઢી વગેરે ન બનાવતાં માત્ર દૂધપાક, બટાકાનું શાક અને ગોટા બનાવવાનું નક્કી કર્યું. અને ત્રણે મિત્રોએ પરસ્પર મદદ કરી રસોઈ તૈયાર કરી જમવા બેઠા. દૂધપાક જોઈએ તે કરતાં વધારે બનાવ્યો હતો એટલે ખૂટવાનો સંભવ જ ન હતો. ત્રણે મિત્રો ધરાઈને જમ્યા. શાક–પૂરી–ગોટા એ બધું બરાબર થઈ રહ્યાં પણ દૂધપાક એક વાટકો વધ્યો. એમ કરતાં રાત પડી અને દૂધપાકનો ભરેલો વાટકો કબાટમાં મૂક્યો.

રાત્રે સૂતી વખતે આ વધેલા દૂધપાક અંગે ચર્ચા થઈ. સવારે દૂધપાક ખાવો કોણે? થોડી ચર્ચા થઈ અને અંતે એવો નિર્ણય કર્યો કે રાત્રે જેને સારું સ્વપ્નું આવે તેણે સવારમાં દૂધપાક ખાવો. એમ નક્કી કરી ત્રણે સૂઈ ગયા.

રાત્રે ત્રણે સૂઈ તો ગયા પણ તેમનું મન દૂધપાકમાં. સવારમાં એવું સારું સ્વપ્નું ગોઠવી દેવું કે પોતાને જ દૂધપાક ખાવા મળે. આવી રીતે ત્રણે મિત્રો સારા સ્વપ્નની યોજના કરતા કરતા ઊંઘી ગયા. સવારે ત્રણે વહેલા ઊઠ્યા. નિયમ મુજબ દાતણ કરી ત્રણે પોતાનું સ્વપ્ન કહેવા તૈયાર થયા. સૌથી પહેલાં છગને કહ્યું: જુઓ ભાઈ, હું ઊંઘી ગયો મને સ્વપ્નામાં ભગવાન વિષ્ણુ મળ્યા. તેમણે મને કહ્યું અરે છગન, તું આ નાનકડી ઓરડીમાં શા માટે રહે છે! ચાલ મારી સાથે વૈકુંઠમાં. ત્યાં તને મઝા પડશે. એમ કહી તે મને વૈકુંઠમાં લઈ ગયા. અહા, શું તેની શોભા ! મોટા મોટા મહેલ, બાગબગીચા, હરવાફરવાની બહુ મઝા અને જમવા માટે મેવા-મીઠાઈ અને ફરસાણનો પાર નહિ. આવું સુંદર સ્વપ્ન મને આવ્યું.

મગને કહ્યું : મારું સ્વપ્ન સાંભળો. મને સ્વપ્નામાં ભોળાનાથ શંકર તેડવા આવ્યા. તે મને કૈલાસમાં લઈ ગયા. કૈલાસની શોભા સૌથી અનેરી. ત્યાં સુંદર સંગીત થયા જ કરે. ઝાડ, પાન, ફળફૂલની શોભા જોઈને હું તો નવાઈ પામ્યો. વળી ભગવાન શંકર તાંડવનૃત્ય કરતા હતા. તેવામાં મારી આંખ ઊઘડી ગઈ અને સ્વપ્ન પૂરું થયું.

હવે મફતનો વારો આવ્યો. તે વૈકુંઠ અને કૈલાસની વાત સાંભળી જરા વિચારમાં તો પડી ગયો. પણ હતો કુશાગ્ર બુદ્ધિનો. તેણે કહેવા માંડ્યું : જુઓ ભાઈઓ, રાતમાં મને હનુમાનજી મળ્યા. હનુમાનજી તો કાયમ ગદા હાથમાં રાખે. તેમણે મને કહ્યું, ઊઠ. હું ઊઠ્યો. મને કહ્યું, આ કબાટ ખોલ. મેં કબાટ ખોલ્યું. તેમણે કહ્યું, 'આ દૂધપાક પી જા.'

મેં કહ્યું : પણ મારા બે મિત્રોનો તેમાં ભાગ છે.

તેમણે કહ્યું : પીએ છે કે નહિ? આ ગદા

જોઈ છે?

મને ગદાની બીક લાગી અને વાડકો હાથમાં લઈ પીવા માંડ્યું.

બંને મિત્રો બોલી ઊઠયા: પણ અમને ઉઠાડવા તો હતા?

મફતે કહ્યું: મેં આમ જોયું તો તું વૈકુંઠમાં ગયો હતો અને તેમ જોયું તો મગન કૈલાસમાં ગયો હતો. આવી સ્થિતિમાં મારે દૂધપાક પીધા સિવાય છૂટકો ન હતો.

કહેવાય છે કે બુદ્ધિ યસ્ય બલં તસ્ય.

## ફરજ અદા કરી!

મહામના સ્વ. પંડિત મદનમોહન માલવીયાજીનો આ એક રમૂજી પ્રવાસપ્રસંગ છે.

એક વાર લેજિસ્લેટીવ કાઉન્સિલની બેઠકમાં હાજરી આપવા માટે દિલ્હી થઈ સીમલા જવાનું હતું માલવીયાજી સ્ટેશન પર આવ્યા ત્યારે કાલકા (સીમલા તરફનું છેવટનું રેલવેસ્ટેશન) તરફ જતી છેલ્લી ગાડી પણ ઊપડી ચૂકી હતી. બીજે દિવસે તો એમને સીમલામાં હાજર થવાનું જ હતું. પરંતુ ગાડી વગર સમયસર પહોંચવું અશકય જ હતું.

માલવીયાજીએ સ્ટેશન માસ્તરને પૂછ્યું: 'આજે, હવે પછી કાલકા જનારી એકાદ માલગાડી પણ નહિ મળે?'

સ્ટેશનમાસ્તરે નકારાર્થી ડોકું ધુણાવ્યું.

માલવીયાજી પળભર મૂંઝવણ–વિમાસણમાં પડી ગયા. હવે? ત્યાં આસિ. સ્ટેશન માસ્તરે એમને એક બાજુ બોલાવી કહ્યું: 'જુઓ, એક ગાડી કાલકા જવાની છે. પણ તે તો છે વાઈસરૉયની સ્પેશિયલ. આપ એમાં જઈ શકતા હો તો જાઓ. પ્રયત્ન કરો.'

સમાચાર આપનારનો આભાર માની માલવીયાજી પ્લેટફૉર્મ પર મંડયા ટહેલવા. નિશ્ચિત સમયે વાઈસરૉયની 'સ્પેશિયલ' પ્લેટફૉર્મ પર આવીને ખડી રહી. પોતાના રસાલા સાથે વાઈસરૉય લૉર્ડ હાર્ડિંજ 'સ્પેશિયલ'માં દાખલ થયા.

માલવીયાજીએ તો લટારો મારવાનું ચાલુ જ રાખેલું. ઇરાદાપૂર્વક લૉર્ડ હાર્ડિંજના ડબ્બા પાસેથી બેત્રણ વાર પસાર થયા. વાઈસરૉયની નજર એમના પર પડી, અને નજર પડતાં વાર જ તેઓ બોલી ઊઠયા: 'અરે, પંડિતજી! તમે હજુ અહીંયાં જ છો?'

'જી, હા!' માલવીયાજીએ જવાબ આપ્યો: 'હું તો છેલ્લી ગાડીય ચૂકી ગયો.'

લૉર્ડ હાર્ડિંજે પોતાની સ્પેશિયલ સાથે માલવીયાજી માટે એક અલાયદો ડબ્બો જોડવાની ગોઠવણ કરાવી ડબ્બો જોડાયો ને માલવીયાજી વાઈસરૉય સાથે જ સીમલા પહોંચ્યા.

પણ ગમ્મતની વાત એ થઈ કે, સીમલા પહોંચ્યા પછી બીજે દહાડે લેજિસ્લેટીવ કાઉન્સિલની બેઠકમાં માલવીયાજીએ પોતાના ભાષણ દરમ્યાન લૉર્ડ હાર્ડિંજના કારભાર પર ટીકા કરવામાં લેશ પણ મણા ન રાખી. અને એ રીતે પોતાની ફરજ અદા કરવામાં પાછા ન પડયા.

લૉર્ડ હાર્ડિંજને કદાચ થયું હશે કે માલવીયાજી જેવા ટીકાકારને સાથે લાવ્યો ન હોત તો કંઈ નુકસાન ન થાત; બલકે લાભ જ થાત!

# હિંસાનું ફળ

મુનિ શ્રી નિત્યાનંદવિજયજી મહારાજ

હિંસા એ ઘોર પાપ છે. હિંસા દ્વારા બીજાને મરણને શરણ કરવા એનો અર્થ પોતાને માટે અગણિત મૃત્યુના ચેક લખવા. શાસ્ત્રો કહે છે : હિંસાથી એક બે નહિ, જરૂર પડે અનંત મરણની પરંપરા ચાલે છે.

માતા, પિતા, બંધુ વગેરે સ્વજનોના દીર્ઘ-કાળના વિયોગ એના લલાટે લખાય છે. લાખ લાખ પ્રયત્ને પણ દરિદ્રતા અને દૌર્ભાગ્ય એનો છેડો છોડતા નથી. એ હિંસાખોરની જબરી પીઠ પકડે છે. ઈષ્ટ વસ્તુ મેળવવા એ દયાનો દુશ્મન આકાશ-પાતાળ એક કરે છે પણ ત્યાં હિંસાનું પાપ આડે આવીને ઊભું રહે છે.

એકવાર કરેલું હિંસાદિ પાપકર્મ ઓછામાં ઓછું દસગણું ફળ આપે જ છે અને જો એ પાપ-કર્મ રસપૂર્વક હસતે મુખડે, તીવ્રાતીવ્રતર ભાવે કર્યું હશે તો સોગણું, હજારગણું, લાખગણું, કરોડગણું ફળ આપ્યા વિના રહેતું નથી.

માનવ જાણેઅજાણે હિંસા કરી નાખે છે પણ એનાં માઠાં પરિણામો ભોગવવાં જ પડે છે. પુરાણોક્ત માંડવ્યઋષિની કથા એની સચોટ પ્રતીતિ કરાવી જાય છે.

માંડવ્ય ઋષિનો આત્મા પૂર્વના એકવીસમા ભવે એક ભરવાડ હતો. ત્યારે એક વખત તેણે એક તળાવના કિનારા પર ભમરો બેઠેલો જોયો. કુતૂહલ-વશાત્ તે છોકરાએ એક તીક્ષ્ણ શૂળ લઈ ભમરાના શરીરમાં ઘોંચી દીધી અને તે ભમરાના પ્રાણ ચાલ્યા ગયા. આ પ્રમાણે એક ભમરાની હત્યા કરવાથી તેને લાગલાગટ વીસ ભવ સુધી શૂળીની જ શિક્ષા થઈ. બનતું એવું કે ગુનો ન કર્યો હોય તોપણ તેના પર હિંસાદિનાં કલંક આવતાં તેની ધરપકડ થતી અને તેને શૂળીએ ચઢાવવામાં આવતો.

એકવીસમા ભવે તે બ્રાહ્મણને ત્યાં જન્મ્યો અને વૈરાગ્ય પામી યોગસાધના કરતાં માંડવ્યઋષિના નામથી પ્રસિદ્ધ થયો.

એક વખત કોઈક ચોર રાજમહેલમાં પેઠો અને ત્યાંથી મહામૂલ્યવાન ઝવેરાતનો એક દાબડો તફડાવી પલાયન થઈ ગયો. આ વાતની કોટવાળને ખબર પડતાં તેણે સંખ્યાબંધ સિપાઈઓ સાથે તેની પૂંઠ પકડી. આગળ ચોર ને પાછળ કોટવાળ એ પ્રમાણે ભાગદોડ કરતાં તેઓ એક જંગલમાં આવી પહોંચ્યા કે જ્યાં માંડવ્ય ઋષિ એક નાનો સરખો આશ્રમ બાંધી તપ, જપ અને ધ્યાનમાં પોતાનું જીવન નિર્ગમન કરી રહ્યા હતા.

હવે ચોરે વિચાર્યું કે પાછળ કોટવાળ આવી રહ્યો છે, તે કોઈ રીતે મારો સગડ છોડશે નહિ. જો હું તેના હાથમાં સપડાયો તો જરૂર જીવતો જઈશ. માટે હવે પ્રાણની રક્ષા કરવા દે. અને તે પેલો દાબડો ધ્યાનમાં બેઠેલા માંડવ્ય ઋષિની આગળ મૂકી દઈ ઝાડીમાં લપાઈ ગયો.

માંડવ્યઋષિ ધ્યાનમાંથી ઊઠયા કે એક સુંદર દાબડો તેમની નજરે પડ્યો. તેઓ પરદ્રવ્યને લોષ્ઠ-વત્ માનનારા હતા, છતાં આ દાબડાએ તેમના મનનું આકર્ષણ કર્યું અને તેમાં શું રહેલું છે એ જોવા લલચાયા. પછી એ દાબડો ઉઘાડ્યો તો તેમાં આંખને આંજી નાખે એવાં ઝગમગાટ કરતાં કેટલાંક હીરામોતીનાં આભૂષણો જોયાં. આ જોઈ તેઓ વિચાર કરવા લાગ્યા કે 'આવા મૂલ્યવાન અલંકારોનો દાબડો અહીં ક્યાંથી ? મને લાગે છે કે પરમાત્માએ મારા જપ, તપ અને ધ્યાનથી પ્રસન્ન થઈને ભેટ તરીકે મોકલ્યો હશે. તો પછી એનો ઉપયોગ કરવામાં હરકત શી ? તેમણે એમાંથી હીરાનો એક હાર કાઢી પોતાના ગળામાં નાખ્યો. અને તેની અપ્રતિમ શોભા જોવામાં મશગૂલ બન્યા.

પરંતુ હાર પહેર્યાને થોડી ક્ષણો વ્યતીત થઈ હશે ત્યાં કોટવાળ અને સિપાઈઓ ત્યાં આવી પહોંચ્યા. અને ચોરીનો માલ મળી આવવાથી તેમણે માંડવ્ય ઋષિને પકડી લીધા. પછી તેમને રાજા સમક્ષ હાજર કરવામાં આવ્યા.

ચોરી કરવી અને લાખોની મત્તા તફડાવવી એ બહુ ભારે ગુનો હતો, એટલે રાજાએ માંડવ્ય ઋષિને શૂળીએ ચઢાવવાનો હુકમ કર્યો. રાજાની આજ્ઞા અનુલ્લંઘનીય હોય છે. એટલે કોટવાળ વગેરે રાજસેવકોએ તેમને શૂળી સમક્ષ લાવી શૂળીએ ચઢાવવાની તૈયારી કરી.

આ વખતે મનોમંથન કરતાં માંડવ્ય ઋષિને જાતિસ્મરણજ્ઞાન થયું અને પોતાના પૂર્વભવો જોયા. એટલે તેમણે લોકોને સંબોધીને કહ્યું કે 'અત્યારે મને પૂર્વભવોનું જ્ઞાન થયું છે તેના આધારે તમને જણાવું છું કે આજથી એકવીસમા ભવે હું ભરવાડ હતો. ત્યારે મેં એક ભમરાને શૂળ પરોવીને મારી નાખ્યો હતો અને મેં આનંદ માન્યો હતો. એ પાપના પરિણામે લાગલાગટ વીસ ભવ સુધી હું શૂળીની શિક્ષા પામ્યો છું ને આ એકવીસમા ભવે પણ શૂળીએ જાઉં છું. માટે તમે કોઈ પણ પ્રાણીની જાણેઅજાણે પણ હિંસા કરશો નહિ. જીવહિંસાનાં ફળો અતિ કડવાં છે. માટે તેનાથી ચેતો, ચેતો, ચેતો.'

પછી તેઓ શૂળી પર ચઢી ગયા પણ એ વખતે સમભાવમાં રહેવાથી સદ્દગતિ પામ્યા.

## "હુંય ઇન્સાન છું"

(માર્મિક ભક્તિગીત)

તું ભગવાન છો, તો હુંય ઇન્સાન છું;
તારાથી હું, મારામાં તું, તારી પહેચાન છું,
હુંય ઇન્સાન છું.

હશે કેવો તું અલગારી! હું તો ચેતનની ચિનગારી;
થશે જો રૂબરૂ કો દી, રહેશે આબરૂ તારી;
અજાણ્યો તું, સુજાણ્યો હું, પરમ વરદાન છું,
હુંય ઇન્સાન છું.

મુબારક સ્વર્ગ હો તુજને, ધરાની ધૂળ છે પ્યારી,
તને દુર્લભ હશે એવાં, અરે! મૃત્યુનો અધિકારી;
સદાનો તું, ઘડીનો હું, છતાં મહેમાન છું,
હુંય ઇન્સાન છું.

બનાવ્યો તેં મને કિંતુ, તને હું પણ બનાવું છું,
કરી સાકાર મૂરતમાં, સદા હૈયે વસાવું છું;
અરે! વેચીને ખાઉં છું
અનાદિ તું, ને આદિ હું, અનુસંધાન છું,
હુંયે ઇન્સાન છું.

ધરા જોઈ ગગન જોયું, મગન થઈ જગજીવન જોયું,
સદન તારું તો સુંદર છે, પરંતુ ના વદન જોયું;
છે ઈશ્વર તું, તો નશ્વર હું, તારો સંતાન છું,
હુંય ઇન્સાન છું.

રમાકાન્ત પી. જાની

# શ્રમણોનો શ્રેષ્ઠ ધર્મ

શ્રી દેવેન્દ્રકુમાર કાલિદાસ પંડિત

તાજું જ ખીલેલું પુષ્પ એક હાથમાં પકડી સહજાનંદ સ્વામી એમના સાધુઓને કહી રહ્યા છે :

'આજ ઠેર ઠેર માનવતાનો હ્રાસ થઈ રહ્યો છે. લોકો માનવ મટી દાનવ બન્યા છે. ચોમેર લૂંટ, ખૂન, જુગાર, શરાબ ને વ્યભિચાર વ્યાપી રહ્યાં છે. ધરતી પરથી એ દુર્ગંધ દૂર કરવી જ રહી. આજ આપણો ધર્મ સોરઠની માનવસેવા દ્વારા પ્રભુસેવા કરવાનો રહેશે. આજ આ ભગવાં પરિધાનનો ધર્મ લોકસેવા જ રહે છે. અમારી શિક્ષાપત્રીની મધુર સુવાસ આ પુષ્પની જેમ તમે ઘેર ઘેર પ્રસરાવો. ઈશ્વર તમારી પડખે છે.'

નમીને શ્રમણોએ આચાર્યની આ શીખ મસ્તક પર ચઢાવી. સૌ પોતપોતાના ભ્રમણનો પ્રદેશ નક્કી કરી ચાલી નીકળ્યા.

ગુણાતીતાનંદ સ્વામીને સૌરાષ્ટ્રના ગોહિલવાડ પંથક તરફ જવાનું ઠર્યું ને તેઓ એમના સાધુઓને લઈ ચાલી નીકળ્યા.

એ પંથકના જૂની સાવર નામે ગામની સીમમાં થઈ ને આ સાધુઓ નીકળ્યા ને સાંતી હાંકતા એક ખેડૂતનું ધ્યાન એ તરફ ગયું.

સ્વામિનારાયણ સંપ્રદાયના આ સાધુઓ સંપ્રદાયના ઊગમકાળમાં જ જનતાના હૃદયમાં વસી ગયા હતા. લોકોને નીતિમાન અને ધર્મપરાયણ કરવાની આ સંપ્રદાયની ઉત્કટતા લોકોને વશીભૂત બનાવતી હતી. એટલે ખેતરમાં સાંતી હાંકનાર મીઠા નામના આ ખેડૂતે હાથની છાજલી આંખ પર કરી, એ શ્રમણો સ્વામિનારાયણ ધર્મના જ છે એની ખાતરી કરી સાંતી ઊભું રાખી વાટમાં આડા ઊભા રહી ગુણાતીતાનંદ સ્વામીને પગે નમી કહ્યું :

'પ્રભુ, ગામમાં પધારો. અમને બે બોલ ધર્મના—નીતિના કહો.'

'એ તો અમારો સહજ ધર્મ છે, ભાઈ, અને એ માટે તો અમે ગામેગામ ફરીએ છીએ.'

'મારે ઘેર આવશો ?'

'શા સારુ નહિ ? અમને તો રાજાના મહેલ કરતાં ગરીબના આવાસ વધુ વહાલા છે.'

'આપ ધીરે ધીરે ગામમાં પધારજો. હું સાંતી હાંકી ઘેર જાઉં છું.'

કહી મીઠો નામનો એ ખેડૂત હર્ષથી ખેતરમાં દોડ્યો ને સાંતી ખખડાવતો જૂની સાવર ભણી વળ્યો.

ગુણાતીતાનંદ સ્વામી અને એમની મંડળી પણ ધીરે ધીરે પ્રવાસ કરતી ગામમાં આવી. મીઠો અને બીજા બેચાર ખેડૂતો ઝાંપામાં જ એમની વાટ જોતા હતા.

એમની સંગાથે સ્વામી મીઠાના ઘેર ગયા.

મીઠાએ ભોજન સારુ રસોઈ બનાવવા સીધું–સામાન આપ્યાં ને સાધુ રસોઈ બનાવવા બેઠા. ગુણાતીતાનંદ સ્વામી એકઠા થયેલ ગામવાસીઓને ધર્મના બે શબ્દ સંભળાવવા લાગ્યા :

'ભાઈઓ ! કોઈ ને છેતરવા–ઠગવા એ પાપ છે. માણસ આ ન દેખે પણ ત્રિભુવનનો સ્વામી તો આ જુએ છે. ચિત્તવૃત્તિ ધર્મમાં જ રાખવી ને ચિત્ત શુદ્ધ રહે તે સારુ લસણ, ડુંગળી આદિ માદક પદાર્થો ભોજનમાં ન લેવા. બધાનું કલ્યાણ ઇચ્છવું, હિંસા ન કરવી. આપણા બળદોને અગિયારશે અને અમાસે આરામ આપવો. એ મૂંગાં પ્રાણી ક્યાં આપણને કહી શકવાનાં છે કે અમે થાક્યા છીએ.'

ઉપદેશનાં અમૃત બરાબર વરસી રહ્યાં છે ત્યાં ગામધણી કાઠી દરબાર ઊગા ખુમાણને સ્વામિનારાયણ ધર્મના આ સાધુઓ મીઠાને ઘેર આવ્યાની જાણ થઈ.

ઊગો ખુમાણ જૂની સાવર ગામનો ધણી. સામંતશાહી અને ધણીપણાનો એ જુલમગાર યુગ. ઊગા ખુમાણની આજ્ઞા હતી કે પોતાની મંજૂરી સિવાય કોઈએ પોતાને ઘેર બહારગામના મહેમાનને આવવા ન દેવા.

ઊગો લગભગ રાક્ષસ જેવો ક્રૂર. એના નામ માત્રથી લોકો કંપે. ગામમાં દારૂનું પીઠું ચલાવે, જુગારનો અડ્ડો રાતદિવસ ચાલે. લૂંટનો માલ અહીં જ સંઘરાય. કંપની સરકારની સત્તા કબૂલી સાર્વભૌમ સત્તાધીશ બનેલા આવા નાના ગામધણીઓનું કોઈથી નામ લેવાય તેમ ન હતું.

સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓ ગામેગામ ઘૂમી લોકોને દારૂ ન પીવા, જુગાર ન રમવા ને લૂંટ–ચોરી ન કરવા ઉપદેશ આપે છે એટલે આમેય પોતાની આવક આ ધર્મવાળા ઘટાડે છે એ રોષ

ઊગાના અંતરમાં ભરેલો. એ બહાર લાવવા એને આજ લાગ મળી ગયો.

અણીદાર મૂછો પર હાથ ફેરવતો બીજા હાથમાં કડિયાળી ડાંગ લઈ તે આવ્યો મીઠાને ઘેર.

ગુણાતીતાનંદ સ્વામીની ઉપદેશધારા રેલી રહી છે ત્યાં જ હાકલ ઊઠી :

'મીઠો કયાં મરી ગિયો ?'

'આ રિયો બાપુ' ધ્રૂજતો મીઠો નજીક આવી બોલ્યો.

'આ બધાને વગર પૂછયે કેમ અહીં આવવા દીધા ?'

'અરે બાપુ, આ તો સાધુ છે, ક્યાં મેમાન હતા ?'

'પણ મને પૂછ્યું'તું !'

'હમણાં જતા રહેશે જમીને, રસોઈ થઈ રહેવા આવી છે.'

'અરે રસોઈવાળા' કહેતાં ઊગાએ મીઠાના માથામાં એના રાક્ષસી પંજાથી એક જોરદાર થપાટ મારી. મીઠો તમ્મર ખાઈ ભોંય પર પડી ગયો.

ને ઊગો ઘરમાં આવ્યો. ડાંગ મારી મારી બધી રસોઈ ધૂળભેગી કરી દીધી. ત્યાં બેઠેલા ગામવાસી તો ટપોટપ વંડી ઠેકીઠેકીને ભાગ્યા.

ઊગો આવ્યો ગુણાતીતાનંદ સ્વામી અને તેમના સાધુઓ પાસે. કશું પૂછ્યા વિના તે બધા પર ડાંગ લઈ તૂટી પડ્યો. ધડોધડ ધડોધડ સાધુઓની પીઠ પર, હાથ પર, માથા પર લાકડીઓ ઝીંકાવા માંડી. ગુણાતીતાનંદ સ્વામી આ જોતા હતા અને એ પડતી લાકડીઓ વચ્ચે પોતાનો દેહ ધરી સાધુઓને મારથી બચાવતા હતા ને કહેતા હતા : સાધુઓ, ક્રોધને વશમાં રાખજો ને શિક્ષાપત્રીના શ્લોકોને યાદ કરજો.

**गालिदानं ताडनं च कृतं कुमतिभिर्जनैः।**
**क्षन्तव्यमेव सर्वेषां चिन्तनीयं हितं च यत् ॥**

ઠોંસા, થાપટ, લાકડી અને પગની પાટુઓ સહેતા શ્રમણો આ ને આ હાલતમાં છેક ગામ બહાર આવ્યા. તે પછી જ ઊગો પાછો વળ્યો.

ગામ બહાર પાદરમાં કેરડાનાં ઝાડનાં ઝુંડ. એનો સામાન્ય છાયો. આભમાંથી ઊગાના કૃત્ય બદલ જાણે કોપેલા સૂર્યદેવ આકરો તાપ પૃથ્વીના પગથારે વેરી રહ્યા છે. કયાંય માનવ બોલાશ નથી અને એકાદું પંખીયે ટહુકતું નથી. કારમી ઉજ્જડતા છે.

સાધુઓના શરીરે માર જોતાં ધરપત રાખતા ગુણાતીતાનંદ સ્વામીએ પોતાનાં ભગવાં ઉત્તરીય વસ્ત્ર એ કેરડા પર નાખી સઘન છાયો કરી લોહીનીંગળતા શ્રમણોને શાંતિથી ત્યાં બેસાડ્યા ને પોતે બહાર તડકે બેઠા.

ત્યાં જ ડરતા ડરતા લપાતા છુપાતા મીઠો અને ગામના ચારપાંચ ખેડૂતો આવ્યા. એમણે આવીને ત્યાં શું જોયું ?

છાયે બેઠેલા સઘળા સાધુઓનાં અંગ ઉઝરડાયેલાં છે, લોહી વહે છે, વસ્ત્રો ચિરાઈ ગયાં છે. પણ મોં પર અગાધ મહાસાગર સમી શાન્તિ છે. આંખોમાંથી એવું ને એવું માધુર્ય ઝરે છે.

'સ્વામીજી, અમને ક્ષમા કરો.' ગુણાતીતાનંદ સ્વામીને પગે પડતો મીઠો બોલ્યો.

'શાની ક્ષમા ભાઈ !'

'આપને માર પડ્યાની.'

'તમે ક્યાં માર માર્યો છે ?'

'અમારે લીધે તમને માર પડ્યો.'

'એમાં શું ?'

'એમાં શું ?' ગુણાતીતાનંદ સ્વામીનું વાક્ય બેવડાવી મીઠો બોલ્યો.

'હા, ભાઈ, અમારે સાધુઓને તો ફૂલના હાર કે ખાસડાંનો વરસાદ બેઉ સરખું જ છે. જેની જેવી મતિ એવું તે કરે, પણ આપણાથી ક્રોધ સામે ક્રોધ થોડો જ થઈ શકે ? ક્રોધને વશ કરે એ જ શ્રમણ.'

'એ તો આપે જ્ઞાનની વાત કરી સ્વામીજી, પણ આપના અને આ મંડળીના દેહ પર માર પડ્યો એ અમારાથી જોયું જતું નથી.'

'એવું નિર્માણ થયું હશે.'

'પણ હવે આપ અહીંથીયે ઝટ પધારો, એમ વીનવવા આવ્યા છીએ.

'શા સારુ ?'

'એ દૈત્યને ખબર પડશે તો પાછો અહીં મારવા આવશે.'

'અમારાથી એમ અહીંથી જવાય તેમ નથી.'

'કાં ?'

'અમારા ધર્મ આચરવો હજુ બાકી છે.'

'આટલો માર પડયા છતાં એવો કયો ધર્મ આચરવો બાકી રહે છે હજુ, પ્રભુ ?'

'એ ધર્મ છે અમને માર મારનાર ઊગા ખુમાણનું કલ્યાણ થાય અને તેને સારી મતિ પ્રાપ્ત થાય એ સારુ ભગવતપ્રાર્થના કરવાનો.'

'અરે અરે, આવા ખૂનીને સારુ પ્રભુપ્રાર્થના ?'

'કેમ નહિ ભાઈ ! ઈશ્વર એને આથી જલદી સારી મતિ દે અને એ અકૃત્ય કરતો અટકે.'

'ઈશ્વરે તો એના કૃત્યનો હિસાબ આપી દીધો છે ?'

'કઈ રીતે ?'

'એ વાંઝિયો છે, સંતાનહીન છે.'

'હેં !' ગુણાતીતાનંદ સ્વામીની આંખો સ્થિર થઈ ગઈ.

'હા મહારાજ ! અમે સત્ય કહીએ છીએ.'

'ત્યારે તો અમારાથી હમણાં અહીંથી ખસાય જ નહિ.'

'અરે પ્રભુ, ઓલ્યો જમદૂત હમણાં આવશે.'

ને મીઠાના બોલવા ભણી ન જોતાં ગુણાતીતાનંદ સ્વામી સાધુઓ પ્રત્યે બોલ્યા,

'સાધુઓ ! શ્રીજી મહારાજની શિક્ષાપત્રીમાં આજ્ઞા છે કે માર મારે, ગાળો દે એના પ્રત્યે પણ મનમાંય ક્રોધ પેદા ન થવા દેવો, એટલું જ નહિ, એના કલ્યાણ સારુ પ્રભુને પ્રાર્થના કરવી. આ ઊગા ખુમાણે આપણને ઢોરમાર માર્યો એ અજ્ઞાનતાથી માર્યો છે. આપણને એના પ્રત્યે રોષ નથી. આથી આપણે ઈશ્વરને વીનવીએ છીએ કે એને જલદી જલદી સારી બુદ્ધિ આપે. વળી તમે હમણાં જ સાંભળ્યું કે ઊગો ખુમાણ વાંઝિયો છે એથી તો આપણી બેવડી ફરજ બને છે; માટે આ ક્ષણે આપણે પ્રભુને બસો બસો માળા કરી વીનવીએ કે તે ઊગા ખુમાણનું વાંઝિયાપણું દૂર કરે ને આપણને એના પર જરાય રોષ નથી એની સૌને પ્રતીતિ થાય. સાધુઓના આટલાય સહવાસે ( ભલે એણે આપણને માર્યા) પણ જો એનું ઇષ્ટ ન થાય તો આપણી સાધુતા લાજે, શિક્ષાપત્રીના બોલ લાજે.'

એમ કહી ગુણાતીતાનંદ સ્વામીએ માળા હાથમાં લીધી. બીજી જ ક્ષણે મારથી પાંદડાની જેમ ધ્રૂજતા દેહવાળા સાધુઓએ પણ હાથમાં માળા લીધી.

આંખો બંધ કરી સૌ માળા કરવા માંડયા ત્યારે ત્યાં જાણે બળબળતી બપોર પર શીતળતા છવાઈ ગઈ. શીળો પવન જાણે ક્યાંયથી નીકળી આવી લહેરાવા માંડયો. સ્વર્ગના દેવતાઓને પણ દર્શન કરવા યોગ્ય દશ્ય રચાઈ ગયું.

પછીની વાત સાવ સાચી છે કે એ જૂની સાવરના ગામધણી ઊગા ખુમાણને ત્યાં આ શ્રમણોની દુવાના બળે પુત્ર જન્મ્યો ને પાછળથી એ સ્વામિનારાયણ ધર્મમાં દીક્ષિત થયો.

ને શિક્ષાપત્રીની મધુર સુવાસ સહજાનંદ સ્વામીના હાથમાં સદૈવ રહેતા પેલા તાજા ખીલેલા પુષ્પની જેમ સોરઠની ધરતી પર પ્રસરી રહી, મધુરી ખુશ્બો વેરતી રહી.

---

આ પૃથ્વી ઉપર તમારી સંપત્તિનો સંઘરો કરશો નહિ, જ્યાં કીડા અને કાટ ખાઈ જાય અને ચોર ખાતર પાડીને ચોરી જાય; પરંતુ તમારી સંપત્તિ સ્વર્ગમાં સંઘરી રાખજો; જ્યાં કીડા કે કાટ ખાઈ ન જાય અને ચોર ખાતર પાડીને ચોરી ન જાય; કારણ જ્યાં તમારી સંપત્તિ હશે ત્યાં જ તમારું હૃદય પણ હશે.

* * *

આંખ દેહનો દીવો છે એટલે જો તારી આંખ નરવી હશે તો તારો આખો દેહ પ્રકાશમય રહેશે; પણ જો તારી આંખ ખરાબ હશે તો તારો આખો દેહ અંધકારમય રહેશે. તેથી જો તારા અંતરનો દીવો જ અંધારો હશે તો પછી એ અંધકાર કેવો ઘોર હશે !

* * *

# મહર્ષિના ભગવાન

એક સમયે કેટલાક ખ્રિસ્તી પાદરીઓ મહર્ષિ શ્રી રમણની મુલાકાતે આવ્યા, અને બોલ્યા : "અમે સાંભળ્યું છે કે આપ લોકોને કહો છો કે મને ઈશ્વરનો સાક્ષાત્કાર થયો છે. અમને તમારા આ મિથ્યા પાખંડ અને ઢોંગ પ્રત્યે વિશ્વાસ નથી બેસતો. આ રીતે તમે ભલી ભોળી જનતાને છેતરીને પથભ્રાંત કરી રહ્યા છો, એ એક ભયંકર પાપકર્મ છે. માટે જો તમારું કથન સત્ય હોય તો અમને તમારા એ ઈશ્વર બતાવો. નહિ તો પછી અમે તમારી એ કપટજાળને ખુલ્લી પાડીને હેરાન કરીશું એનો ખ્યાલ રાખજો."

પાદરીઓને આટલી બધી ઉગ્રતાથી સાંભળ્યા પછી મહર્ષિજી પોતાની મોહિનીમુદ્રામાં હાસ્ય વેરતાં શાંત સ્વરે બોલ્યા : "ભગવાન આપ સૌને શાંતિ અર્પે. આપ સૌ આવતી કાલે પ્રભાતમાં મારી સાથે આવો, અને મારા ઈશ્વરનાં દર્શન કરો."

બીજે દિવસે મહર્ષિની કપટજાળને તોડવાના ઉત્સાહમાં પાદરીઓને રાત્રે ઊંઘ ન આવી. તેઓ સવાર પડે તે પહેલાં જ મહર્ષિના આશ્રમે આવી પહોંચ્યા.

નિત્યકર્મથી નિવૃત્ત થઈને મહર્ષિજી પાદરીઓની સાથે જંગલ તરફ ચાલવા લાગ્યા. બરાબર બે માઈલ ચાલ્યા પછી તેઓ નદીકિનારે આવેલી એક ઝૂંપડીની પાસે રોકાયા. અને ઝૂંપડીની અંદર જઈને ત્યાં જમીન ઉપર પાથરેલી ચટાઈ ઉપર સૂતેલા એક કોઢી દંપતીના શરીર ઉપર તેલની માલિશ કરવા લાગ્યા. માલિશ પૂરી કર્યા પછી મહર્ષિજીએ તે દંપતીને સ્નાન કરાવ્યું અને ત્યાર પછી ચૂલો સળગાવીને ખીચડી બનાવી તે બન્ને સ્ત્રી-પુરુષને ભોજન કરાવ્યું.

સાથે આવેલા પેલા પાદરી લોકો આ કોઢી દંપતીને ઘૃણાયુક્ત દૃષ્ટિથી જોતાં દૂર ઊભા રહીને મહર્ષિના સેવાકાર્યનું નિરીક્ષણ કરી રહ્યા હતા. મહર્ષિજી તો શાંત ચિત્તે અને મૌન ધારણ કરીને પોતાનું સેવાકાર્ય કરી રહ્યા હતા. તેમનું આ સેવાકાર્ય જોઈને પાદરીઓના હૃદયમાં બાઈબલના ઈશુ ખ્રિસ્તના નિમ્નલિખિત શબ્દો ઘૂંટાવા લાગ્યા : "હું તારે બારણે ભૂખ્યો થઈને આવ્યો હતો, તેં મને ભોજન ન આપ્યું. હું તારે બારણે રોગી થઈને આવ્યો હતો, પરંતુ તે મારી સેવા ન કરી. શું આ બધા મારા સ્વરૂપમાં રહેલા ઈશ્વરો ન હતા ?"

પાદરીઓના હૃદયમાં તુમુલ યુદ્ધ જામ્યું. તેમનો બધો જ અહંકાર ઓગળી ગયો. તેમની આંખોમાંથી આનંદાશ્રુ વહેવા લાગ્યાં. રુદનયુક્ત કંઠે ક્ષમાયાચના કરતાં તેઓ મહર્ષિજીની ચરણવંદના કરી બોલ્યા : "પ્રભુ, અમારો અપરાધ ક્ષમા કરો. તમે તો આજે અપરાધીઓને પણ તે ઈશ્વરનાં દર્શન કરાવ્યાં છે કે જે પુણ્યાત્માઓને પણ દુર્લભ છે."

**પ્રવીણ ઉપાધ્યાય**

# સુખદ સંસારમાં સજનીનું સ્થાન

(સપ્તપદી)

સજની મળે સદ્‌ધર્મિણી સંસારને શોભાવશે,
સજની મળે હતભાગિણી સંસારને સળગાવશે;
સજની મળે જો સદ્‌ગુણી દાંપત્યને દીપાવશે,
સજની મળે જો દુર્ગુણી દાંપત્યને દફનાવશે. ૧

સજની સુઘડ ઘરમાં હશે ઘર એ વ્યવસ્થિત રાખશે,
સજની કુવડ ઘર જ્યાં હશે; ઘર અસ્તવ્યસ્ત એ રાખશે;
સજની સ્વભાવે શાંત તો ઘર સ્વર્ગનું સર્જન થશે,
સજની સ્વભાવે ઉગ્ર તો રૌરવ નરક દર્શન થશે. ૨

સજની કરે સ્વાગત ગૃહે સ્નેહી સહાયે આવશે,
સજની ગુમાની જો ગૃહે સ્નેહી સ્વજન ભાગી જશે;
સજની સ્વમાની ઘર હશે વિનમ્ર વર્તન રાખશે,
સજની કુકર્મી કર્કશા કજિયા કરી રંજાડશે. ૩

સજની વિવેકી જે ગૃહે સંસ્કારસિંચન ત્યાં હશે,
સજની હશે જો શંખિણી કંકાસને ફેલાવશે;
સજની સલુણી પદ્મિણી પતિદેવને સુખ આપશે,
સજની ભયાનક ડાકિણી દુર્ભાગ્ય સહ દુ:ખ લાવશે. ૪

સજની સજનના સંપથી સંસાર સુંદરતમ બને,
સજની સજન કુસંપ ત્યાં સંસાર મરઘટ સમ બને;
સજની સમીપે સાજનો સાવજ સમા બિલ્લી બને,
સજની બને માંજર ગૃહે પતિ શ્વાન કે વાનર બને. ૫

સજની સજન સુમેળથી સંતાન ઘર કિલ્લોલશે,
સજની સજન સદ્‌ભાવથી સંસ્કાર ઘરમાં ગુંજશે;
સજની સજન સદ્‌વર્તને વ્યવહારમાં વાહવાહ થશે,
સજની સજન નિજના સમાજે આદર્શ ઉત્કૃષ્ટ આપશે. ૬

—: તો :—

કહે 'સાધિકા' એ દંપતી, "**શ્રી રામ સીતા**" સમ હશે,
બંને પરસ્પર ચાહકો, અન્યોન્ય પૂજાતાં હશે;
સંસારમાં પતિ પત્ની આ "**શિવશક્તિ**" સમ પૂજાય ને—
સજની સજન દાંપત્ય પણ "**દૈવી ગુણે**" વખણાય એ. ૭

**શ્રીમતી ચંદ્રકળા બળરામ પરીખ, સાધિકા**

# ત્યાગ અને સ્પૃહા

શ્રી 'મધ્યબિંદુ'

વિશ્વમાં બે જ તત્ત્વો સ્વીકારવામાં આવ્યાં છે–પોઝિટિવ અને નેગેટિવ. એને જ સત્ અને અસત્ કહેવામાં આવે છે. અસત્ અથવા નેગેટિવ તત્ત્વ અભાવરૂપ છે. એથી એને ગણતરીમાં લઈ શકાતું નથી. એથી સિદ્ધાન્તમાં બેને બદલે એક જ તત્ત્વનો અર્થાત્ અદ્વૈતનો સ્વીકાર કરવામાં આવ્યો છે. પરંતુ જેમ વીજળીના પોઝિટિવ તત્ત્વને (કરંટને) વ્યક્ત થવા માટે, પ્રકાશિત થવા માટે નેગેટિવ વાયરની જરૂર પડે છે, તેમ સત્ તત્ત્વને વ્યક્ત થવા માટે અસત્ તત્ત્વની જરૂર પડે છે. એ અસત્ તત્ત્વ અસ્તિત્વરૂપ નથી તેમ જ તે તદ્દન નથી એમ પણ નથી, એથી તેને અનિર્વચનીય કહેવામાં આવે છે.

પરમાત્મા અથવા ઈશ્વર એ સત્ તત્ત્વ છે. સત્માંથી જ આવિર્ભાવ થાય છે, ઈશ્વર સત્રૂપ હોવાથી જ પોતામાંથી વિશ્વનું સર્જન કરી શકે છે. સત્માંથી જ ત્યાગ થાય છે. ઈશ્વર સત્રૂપ હોવાથી જ તે પ્રાણીઓને જુદા જુદા ભોગોની સામગ્રી આપે છે. ઈશ્વર સત્રૂપ હોવાથી જ પોતામાંથી પંચમહાભૂતોને ઉત્પન્ન કરે છે અને તેમાંથી જીવોને ભોગવવાના જુદા જુદા પદાર્થો પૂરા પાડે છે. સર્જન અને ત્યાગ બંને સત્માંથી જ ઉત્પન્ન થતાં હોય છે. ઈશ્વરનો આનંદ સર્જન અને ત્યાગમાં જ હોય છે.

તૃષ્ણા અથવા કામનાવાળા જીવો સર્જન કે ત્યાગ કરી શકતા નથી. તેઓ તો લેવાની અથવા મેળવવાની જ સ્પૃહા રાખતા હોય છે; લઈને અથવા મેળવીને આનંદિત થતા હોય છે.

જે માણસમાં સત્ અંશ અથવા પોઝિટિવ તત્ત્વ વધુ હોય છે તે માણસ ત્યાગ કરીને, આપીને, છોડી દઈને આનંદિત થતો હોય છે. તે માણસ ભરેલો છે, ભરપૂરતાવાળો છે. જે માણસમાં અસત્ અંશ અથવા નેગેટિવ તત્ત્વ વધુ હોય છે તે સ્પૃહાવાળો હોય છે, તે કંઈ ને કંઈ મેળવીને આનંદિત થતો હોય છે. તેનામાં ત્યાગ, ઉદારતા, પરોપકાર, દયા કે ન્યાય, નીતિ, પ્રમાણિકતા પ્રકટતાં હોતાં નથી, પરંતુ, સ્વાર્થ, સંકુચિતતા, લોભ, નિષ્ઠુરતા, અનીતિ, અપ્રમાણિકતા જામેલાં હોય છે. આવો માણસ ભરપૂરતાવાળો નથી, પણ ખાલીપણાવાળો છે. આવા માણસને દૈવવશાત્ પૈસા મળ્યા હોય છે, તોપણ તે ખરેખરી દયાથી કે પરહિતની ભાવનાથી આપી શકતો નથી. કાં તો તે કંજૂસ હોય છે અથવા તો પોતાના શરીરના મોજશોખ માટે, નામના કે કીર્તિ મેળવવા માટે અથવા પુણ્ય મેળવવાના લોભથી ખર્ચ કરનારો હોય છે. આમ તેનામાં ખરેખરો ત્યાગ, ઉદારતા અથવા પરહિતની ભાવના ન હોવાથી પૈસા હોવા છતાં વાસ્તવમાં તો આવા લોકો ખાલીપણાવાળા અથવા ગરીબ જ હોય છે. તેઓ પૈસાને પોતાના મહાભાગ્યથી મળી આવેલી જગતની મહામોંઘી ચીજ સમજતા હોય છે અને પૈસાને પોતાના સર્વસ્વરૂપ ગણીને બચીઓ કરતા હોય છે. જ્યારે ભરપૂરતાવાળા માણસો પૈસાને જગતનાં પ્રાણીઓનું હિત કરવા માટેનું, અન્યને સંતુષ્ટ કરવા માટેનું, પોતામાં રહેલી સ્વાભાવિક ઉદારતાને વ્યક્ત કરવા માટેનું એક સાધન માત્ર સમજતા હોય છે. કીર્તિ, નામના કે પુણ્યની લાલચ વિના નિષ્કામ ભાવે બીજાને સુખી કરવા માટે ત્યાગ કરવામાં તેઓ પૈસાને હાથના મેલ બરાબર ગણતા હોય છે. તેઓ પૈસો હોય તો તેમાં બહુ આસક્તિવાળા હોતા નથી અને ન હોય તો તે માટે બહુ દરકારવાળા, સ્પૃહાવાળા કે દીનતાવાળા હોતા નથી. પૈસો હોય કે ન હોય, આ બંને અવસ્થાઓમાં તેઓ સાચી ભરપૂરતાળા, ઉદારતાવાળા, નીતિવાળા, દયાવાળા સાચા શ્રીમંતો છે.

સાચા શ્રીમંતો પોતાની પાસે આવનારને, પોતાના સહાયકોને, સેવકોને, પરિવારને અને પરિચારકોને પોતાના કરતાં ઊતરતી સ્થિતિમાં રહેવા દેતા નથી. વિષ્ણુ ભગવાનના વૈકુંઠમાં વિષ્ણુના પાર્ષદો અથવા સેવકો પણ વિષ્ણુના જેવાં જ વસ્ત્રો, આભૂષણો અને ખાનપાન વગેરેની સુખસગવડો પ્રાપ્ત કરતા હોય છે. તથા શ્રીકૃષ્ણે પોતાની પાસે આવેલા દીન હીન મિત્ર સુદામાને પોતાના જેવા જ સુખવૈભવવાળું ભવન, સંપત્તિ અને ઐશ્વર્ય

આપ્યાં છે, એનું વર્ણન શ્રીમદ્‌ભાગવતમાં છે. પરંતુ આ તો સતસ્વરૂપ અથવા પૂર્ણપુરુષ વિષ્ણુ ભગવાનના ઘરની વાત થઈ; લક્ષ્મી–નારાયણના ઘરની વાત થઈ. પરંતુ જેઓ કેવળ લક્ષ્મીનંદનો છે, તેમના બંગલાની જમીનના ખૂણામાં બગીચાનો માળી ઘાસ–માટીની ઝૂંપડીમાં રાત પડ્યે ચીંથરાંની ગોદડીમાં અર્ધભૂખ્યા પેટે સૂઈ જતો હોય છે. તેમના નોકરો અને મોટર-ડ્રાઇવરો એક મોટા ગણાતા ગૃહસ્થના આશ્રિત હોવા છતાં પોતે ગૃહસ્થ તરીકેની અથવા માનવી તરીકેની મોટા ભાગની સુખસગવડોથી વંચિત સ્થિતિમાં જ જીવન પસાર કરતા હોય છે. આમ આ લક્ષ્મીનંદનોના ઘરમાં ગરીબનિધાન ભગવાન પ્રત્યક્ષ રૂપે દીન–હીન સ્થિતિમાં રહેતા હોય છે અને તેમને ત્યાં લક્ષ્મી અને સંપત્તિની વિશેષ વૃદ્ધિ માટે ભગવાનની છબીની કે મૂર્તિની નિત્ય ધૂપ–દીપ–નૈવેદ્ય વગેરેથી પૂજા થતી હોય છે. જેમને ત્યાં પોતાના આશ્રિત માનવો પણ આવી દીન–હીન સ્થિતિમાં રહેતા હોય છે તેવા શ્રીમંતોને તેમની પાસેથી લાભ મેળવનારા લોકો લાભના બદલામાં દાનવીર, ત્યાગવીર, માનવતાના જ્યોતિર્ધર અથવા ધર્મનિષ્ઠ વગેરે પ્રશંસાના શબ્દોથી રાજી કરતા હોય છે.

સત્ તત્ત્વ અથવા અસત્ તત્ત્વ, પોઝિટિવ તત્ત્વ અથવા નેગેટિવ તત્ત્વ કોનામાં કેટલે અંશે છે તે એનામાં રહેલ ત્યાગવૃત્તિ અથવા સંગ્રહવૃત્તિ ઉપરથી માલૂમ પડે છે અને તે ઉપરથી તેના જીવનની શુક્લ ગતિ છે કે કૃષ્ણ ગતિ છે તે જોવાનું હોય છે.

જેના જીવનમાં શુક્લ ગતિ અથવા ઉત્તરાયણ પ્રકટે છે તેનામાં સ્પૃહા, મેળવવાની ઇચ્છા, લોભ અથવા સંગ્રહવૃત્તિને બદલે ત્યાગ, પરોપકાર, દયા, સેવા વગેરે વધુ ને વધુ પ્રકટવા લાગે છે. સૂર્યનું ઉત્તરાયણ થાય તે એક જ દિવસે દાન કરવું અને પછી લોભ, તૃષ્ણા અને સંગ્રહમાં પડી જવું એવો અર્થ નથી. જીવનમાં શુક્લ ગતિ અથવા ઉત્તરાયણ પ્રકટે છે તેનું જીવન ત્યાગમય, દાનમય, સેવામય અથવા પરોપકારમય બનતું જ જાય છે, આવું જીવન સત્ તત્ત્વથી અથવા ભરપૂરતાથી યુક્ત હોવાથી તેનામાં જ્ઞાનશક્તિ, ભક્તિ અથવા લાગણી અને ક્રિયાશક્તિ વધતાં જ રહે છે અને તેનાથી પ્રાણીસમુદાયની સેવા અથવા હિત થયા જ કરે છે.

## નારી સદા નારાયણી

જે ઘર નાર સુલક્ષણી,
તે ઘર સ્વર્ગ ગણાય;
જે ઘર નાર કુલક્ષણી,
તે ઘર નર્ક ગણાય.
કુળવધૂ જે સૌ સદ્‌ગુણી
કુળલક્ષ્મી તે જ ગણાય.

શ્રી બલરામ પરીખ

# માનવને

રામ કહો રહેમાન કહો, 'ગૉડ' કહો જરથુસ્ત કહો,
બ્રહ્મરૂપે સૌ એક લહો, જ્યું વૉટર પાણી એક ગ્રહો....ટેક.

વિવિધ ઈશ્વર નામમાં, ના તું સમજીશ ભેદ,
તત્ત્વરૂપે સૌ એક છે, પુકારી કહે છે વેદ....રામ૦ ૧

જગત તે પણ નામ છે, બ્રહ્મ નામ પણ નામ
પ્રથમ મિથ્યા જાણજે, બીજું કરે શુભ કામ....રામ૦ ૨

જીવ જાતિ અનેક છે, બોલી શકે તું એક
પશુ આદિ અનેક તો, સમજી શકે નહિ છેક....રામ૦ ૩

નામ જ નૌકા એક છે. ભવસાગરની માંય
આશ્રય તેનો જે કરે, તે પાર જ તેથી થાય....રામ૦ ૪

બ્રહ્મનામ આશ્રય કરી તરીયા લાખ હજાર
ભાવાશ્રય હેતે કરી, ડૂબ્યા ભવે અપાર....રામ૦ ૫

તેમાંનો તું એક છે, સમજ કરી વિવેક
છૂટવા દુઃખ સંસારથી પકડ નામ તું એક....રામ૦ ૬

નામી સાથે રહે સદા તેવું તું જાણજે એક
સગાં સંબંધી સંપદા સાથ ન જાયે છેક....રામ૦ ૭

અંશજ જાણે આટલો મનુષ્ય જન્મનો સાર
બ્રહ્મનામ આશ્રય કરી, તરવો આ સંસાર....રામ૦ ૮

"હર્ષદ"

# આપણે કેમ માંદા પડીએ છીએ ?

શ્રી 'મધ્યબિંદુ'

જ્યારે આપણે ક્રોધ કરીએ છીએ ત્યારે આપણું લોહી ગરમ થઈ જાય છે, લોહીની સ્થિરતા ઓછી થઈ જાય છે અને આખા શરીરનું બંધારણ મકાનને ધરતીકંપના આંચકા લાગ્યાની જેમ હચમચી જાય છે. એથી શરીરની શક્તિનો, સ્થિરતાનો અને એકંદરે આયુષ્યનો હ્રાસ (ક્ષય) થાય છે. જ્ઞાનતંતુઓ ઉપર પેટ્રોલ છંટાયાની જેમ જ્ઞાનતંતુઓની શક્તિ પણ ક્ષીણ થાય છે. વારંવાર ક્રોધ કરનારાઓ અને ખિજાઈ જનારાઓની શક્તિ આ રીતે ઘટતી ચાલે છે. શક્તિ ઘટતાં ક્રોધનો ઉશ્કેરાટ વધુ પ્રમાણમાં અને વારંવાર થવા લાગે છે. કહેવાય છે કે કમજોર ઔર ગુસ્સા બહોત. આમ જે માણસના સ્વભાવમાં ક્રોધરૂપી શત્રુ—ક્રોધરૂપી રાક્ષસ રહેતો હોય છે, તે એની શક્તિનું ભક્ષણ કરી જઈને એ માણસને નિર્બળ અને અલ્પાયુ બનાવે છે.

એવી જ રીતે જે કામલોલુપ હોય છે, જે સંયમનાં બંધન રાખતો નથી, જે અનેક જાતના ઇંદ્રિયોના સ્વાદો કરવામાં જ લાગેલો રહે છે, તેની પણ શારીરિક શક્તિ, જ્ઞાનતંતુઓની શક્તિ તેમ જ બળ, તેજ, ધૈર્ય, હિંમત વગેરે મનની શક્તિઓ મંદ પડતી જાય છે. એથી માણસ નિર્બળ અને અલ્પાયુ બને છે.

ક્રોધ તથા કામ આ બે રાક્ષસ ઉપરાંત જે માણસના સ્વભાવમાં લોભરૂપી શત્રુ રહેતો હોય છે, તેને માથે એક પછી એક વધારે ને વધારે મેળવવાની ચિંતાઓ ચઢી બેસતી જાય છે, તેની કામ કરવાની શક્તિ ઘટતી જાય છે અને આશાઓ તથા મનોરથોનું જંગલ વધતું જાય છે. આ જંગલમાં માણસ અનેક જાતના ભય, શોક, ખેદ, ચિંતા તથા ઉજાગરાઓથી પીડાયા કરે છે. કહ્યું છે કે અગ્નિની ચિતા કરતાં ચિંતા અધિક છે. ચિતા તો નિર્જીવ શરીરને જ બાળે છે, પરંતુ ચિંતા તો જીવતા શરીરને બાળે છે. આ રીતે લોભ અને આશાતૃષ્ણાઓથી પણ માણસની શારીરિક અને માનસિક શક્તિ મંદ પડે છે અને આયુષ્ય ક્ષીણ થાય છે. જે માણસ સાચે માર્ગે યત્ન-પુરુષાર્થ કરે છે અને જે મળે તેમાં સંતુષ્ટ-પ્રસન્ન રહે છે, વ્યવહારમાં દેખાદેખી બીજાઓની પાછળ તણાતો નથી અને પોતાની શક્તિ મુજબ ખર્ચ કરે છે, તેને લોભ કે ચિંતામાં પડવાનું થતું નથી.

ઉપર પ્રમાણે સૌથી પ્રથમ તો કામ, ક્રોધ અને લોભને લીધે માણસની માનસિક અને શારીરિક શક્તિઓ મંદ પડે છે. આ રીતે શક્તિઓ મંદ પડવી એ પણ માણસનું મંદપણું અથવા માંદાપણું છે. ક્રોધ, ઇંદ્રિયોનો અસંયમ અને ચિંતા અથવા લોભને લીધે માણસનો જઠરાગ્નિ નિર્બળ અને વિષમ બને છે, પાચનશક્તિ દૂષિત બને છે અને તેમાંથી બીજા અનેક શારીરિક રોગો ઉત્પન્ન થાય છે. આયુર્વેદમાં સર્વ રોગોનું મૂળ મંદાગ્નિ (सर्वेऽपि रोगा मन्देऽग्नौ) કહ્યો છે. અને મંદાગ્નિનું મૂળ કારણ 'પ્રજ્ઞાપરાધ' કહેલ છે. પ્રજ્ઞાપરાધ એટલે માણસના સ્વભાવમાં રહેલ કામ-ક્રોધ-લોભ-રૂપી દોષ.

કહેવાય છે કે માણસ જન્મે છે તે જ વખતે તેની જીવાદોરી અથવા આયુષ્યનો આંકડો નક્કી થઈ ગયેલો હોય છે. પછી માણસ ગમે તેમ ખાય, પીએ, વર્તે છતાં એ આંકડાને નથી વધારી શકતો કે નથી ઘટાડી શકતો. આ વાત સંપૂર્ણ સાચી નથી. માણસ જન્મે છે તે વખતે માબાપની ભૂલોને લીધે અથવા માબાપની સાચવણીને લીધે કોઈને નબળી તબિયત મળેલી હોય છે, તો કોઈને સારી તંદુરસ્તી મળેલી હોય છે. આમ છતાં નબળી તબિયતવાળો માણસ પણ જો પોતાના સ્વભાવમાંથી પ્રજ્ઞાપરાધને દૂર કરે, પ્રસન્ન અને શુદ્ધ સ્વભાવવાળું જીવન બનાવે, ખાવાપીવામાં અથવા આહાર-વિહારમાં સંયમ અને સદાચારના નિયમો પાળે તો આવા નિયમો દ્વારા તે પોતાની તંદુરસ્તી અને જીવાદોરીની બાબતમાં યમરાજના લેખ ઉપર પણ મેખ મારી શકે છે. કારણ કે યમના બળ કરતાં પણ નિયમનું બળ અધિક અને નિશ્ચિત હોય છે.

જગતમાં યમરાજના અસ્તિત્વને લીધે પ્રાણીઓએ જેવું કર્મ કર્યું હોય તેવું ફળ તેમને પ્રાપ્ત થાય એવી વ્યવસ્થા રહે છે. પ્રાણીએ જેવું જેવું કર્મ કર્યું હોય તેવું ફળ તેમને મળે એવી વ્યવસ્થા

યમરાજને લીધે જગતમાં ચાલી રહી છે. આમ છતાં યમરાજ કોઈ પણ પ્રાણીના કર્મને કે કર્મના ફળને વધારી પણ શકતો નથી કે ઘટાડી પણ શકતો નથી. માણસે પરિશ્રમ કરીને જેટલા પૈસા બેંકમાં જમા કર્યા હોય તેટલા પૈસા બેંકમાં તેના ખાતામાં રહે છે. બેંકનો કેશિયર તે પૈસામાં નથી વધારો કરી શકતો કે નથી ઘટાડો કરી શકતો. બેંકની સધ્ધર વ્યવસ્થાને લીધે તેમાં જમા થયેલા એક માણસના પૈસામાંથી બીજો માણસ પૈસા ઉઠાવી જઈ શકતો નથી કે બીજાના પૈસા ત્રીજાને મળી જતા નથી કે કોઈ માણસના જમા કરાવેલા પૈસા ડૂબતા નથી. જેણે જેટલા પૈસા જમા કરાવ્યા હોય તેટલા તેને જરૂર પડ્યે મળી જાય છે. કર્મની અથવા કર્મફળની વ્યવસ્થા અર્થાત્ યમરાજાનો કાયદો બેંકના જેવો જ છે.

વિદ્યાર્થીએ ત્રીજા ધોરણમાં અભ્યાસ કર્યો હોય તો ત્રીજા ધોરણનું જ્ઞાન તેનામાં સુરક્ષિત રહે છે. ત્રીજા ધોરણનો અભ્યાસ કરનાર વિદ્યાર્થીમાં પાંચમા ધોરણનો અભ્યાસ કરવાનું જ્ઞાન આવી જતું નથી કે પાંચમા ધોરણનો અભ્યાસ કરનારમાં પાંચમા ધોરણનું જ્ઞાન બદલાઈને ત્રીજા ધોરણનું બની જતું નથી. આ વ્યવસ્થા જગતમાં યમરાજના અસ્તિત્વને લીધે જ ચાલી રહી છે.

સારાં કર્મ કરનારમાં સારો સ્વભાવ, સુસંસ્કાર અને સારું ફળ જગતમાં યમરાજના અસ્તિત્વને લીધે જ નિયત રહે છે અને ખરાબ કર્મ કરનારમાં ખરાબ સ્વભાવ, ખરાબ ચાલચલગત, ખરાબ ટેવો અને અનિષ્ટ ફળ પણ જગતમાં યમરાજના અસ્તિત્વને લીધે જ નિયત રહે છે. એકબીજાનાં કર્મ, ફળ, સ્વભાવ કે સંસ્કાર બદલાઈ જતાં નથી, એકનું બીજાને મળી જતું નથી, તેનું કારણ પ્રાણીમાત્રના અંતસ્તલમાં રહેલ ઈશ્વરી વાસ્તવિકતાના અબાધિત નિયમરૂપ યમનું તત્ત્વ છે.

આ રીતે યમની વ્યવસ્થા જગત માટે જરૂરી, અનિવાર્ય અને વાસ્તવિક છે. યમને લીધે માણસ પોતાનો ભૂતકાળ બદલી શકતો નથી, ભૂતકાળનાં કર્મો અને તેનાં ફળોથી છૂટી શકતો નથી. પરંતુ વર્તમાનકાળ મનુષ્યના હાથમાં હોય છે. જોકે ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ ત્રણે એકબીજાની સાથે સંકળાયેલા હોય છે. કારણ કે માણસ પોતાની ભૂતકાળની ભૂમિકા ઉપર ઊભો રહીને વર્તમાનકાળનાં કામ કરી રહ્યો હોય છે અને ભવિષ્યની સ્થિતિ વર્તમાનકાળનાં કામ ઉપર આધાર રાખતી હોય છે. આમ છતાં માણસનું વર્તમાન જીવન અને ભાવિ જીવન એના ભૂતકાળના જેવું નક્કી થઈ ગયેલું હોતું નથી. ભૂતકાળના પાયા ઉપર ઊભો રહેલો હોવા છતાં ચેતન પ્રાણી પોતાના વર્તમાન અને ભાવિ જીવનને અમુક અંશે અથવા મોટે અંશે પોતાની ઇચ્છા પ્રમાણે પલટાવી શકે છે, વળાંક આપી શકે છે એથી જ જીવનના પ્રવાહની ગતિ મશીનના જેવી જડ નથી. આમાં જ ચેતન તત્ત્વમાં રહેલ સ્વતંત્રતાની પ્રતીતિ થાય છે.

ત્રીજા ધોરણમાં કાચા રહી ગયેલા અભ્યાસવાળો અને જેમ તેમ કરીને પાસ થયેલો જે વિદ્યાર્થી ચોથા ધોરણમાં આવ્યો હોય છે તેને માટે સામાન્ય રીતે (યમના સામાન્ય વિધાન પ્રમાણે) તો બહુ સારા પરિણામની (ચોથા ધોરણમાં જરૂર પાસ થવાની અથવા ઊંચા માર્કથી પાસ થવાની) આશા રાખી શકાતી નથી, પરંતુ જો તે વિદ્યાર્થી ખૂબ જ તમન્નાથી, કાળજીથી ધ્યાનપૂર્વક સારી રીતે અભ્યાસ કરે છે તો ચોથા ધોરણમાં ઊંચા માર્કથી અથવા પહેલા નંબરે પણ પાસ થઈ શકે છે. પરમાત્માએ, કુદરતે અથવા પ્રકૃતિએ સામાન્ય નિયમનું બંધન દરેક જીવ માટે રાખ્યું છે પરંતુ જીવ એ પરમાત્માનો અથવા સ્વતંત્ર સ્વભાવવાળી ચેતનાનો અંશ હોવાથી સામાન્ય નિયમને ઓળંગી જવાની વિશેષ શક્તિ પણ દરેક જીવમાં રહેલી જ હોય છે. તેને જીવનમાં પ્રકટ કેમ કરવી તે દરેક જીવે પોતાની જાતે જ શોધી કાઢવાનું છે. એમાં જ જીવનની ખૂબી છે.

ભૂતકાળનાં કર્મો એ જ વિધિનો લેખ છે. મનુષ્યને જોકે ભૂતકાળની ભૂમિ ઉપર ઊભા રહીને જ વર્તમાનનાં કર્મો કરવાનાં હોય છે. મનુષ્યે બેંકમાં પોતાના ખાતામાં જમા થયેલ મૂડીને આધારે જ ચાલુ વેપાર કરવાનો હોય છે. આમ છતાં જેઓ સાચી રીતે, કુશળતાપૂર્વક કર્મો કરે છે, જેઓ ખૂબ બુદ્ધિપૂર્વક વેપાર કરે છે તેઓ સાધારણ સ્થિતિમાંથી ઉચ્ચ અથવા શ્રેષ્ઠ સ્થિતિને પ્રાપ્ત કરી શકે છે.

સાધારણ સ્થિતિમાંથી મિલમાલિક કે કરોડપતિ સુધીની સ્થિતિને પ્રાપ્ત કર્યાના દાખલા આપણે જાણીએ છીએ.

કર્મનો નિયમ એ જડ છે. યમરાજ કર્મના નિયમ પ્રમાણે ફળ નક્કી કરે છે અને પ્રાણીને જીવનની ભૂમિકા આપે છે. પરંતુ કર્મના નિયમની ઉપર જે સ્વતંત્ર પરમાત્મા છે, તે પ્રાણીને તેની યોગ્યતા પ્રમાણે અધિક ફળ પણ આપી શકે છે. મનુષ્યયત્ન તો ઈશ્વરકૃપા. કર્મના નિયમ પ્રમાણે ચોથા ધોરણનો અભ્યાસ કરનારને ચોથા ધોરણનું જ જ્ઞાન પ્રાપ્ત થાય, પરંતુ ચોથા ધોરણમાં બરાબર અને સારી રીતે અભ્યાસ કરનારને પરમાત્માની કૃપાથી પાંચમા ધોરણનો અભ્યાસ કરવાની અને પાંચમા ધોરણના જ્ઞાનને સમજવાની યોગ્યતા પણ પ્રાપ્ત થાય છે. કર્મના નિયમ પ્રમાણે તો કર્મ પ્રમાણે જ–કર્મ જેટલું જ ફળ મળી શકે, પરંતુ જે મનુષ્ય ખૂબ સારી રીતે કર્મ કરે છે તેને અધિક ફળ પણ મળે છે. એથી કર્મનો નિયમ સર્વોપરી કે સંપૂર્ણ નથી. કર્મના નિયમ પ્રમાણે તો માણસ ગમે તેટલાં સારાં કર્મો કરે છતાં માણસનો માણસ જ રહે છે, પરંતુ પરમાત્માની કૃપા અથવા ચેતનાના નિયમ પ્રમાણે તો જો નર કુશળતાપૂર્વક એવી કરણી કરે તો નરમાંથી નારાયણ પણ થઈ શકે છે. ગાંધીજી અને ગદાધર જેવા સામાન્ય માણસમાંથી આપણે મહાત્મા અને પરમહંસ પ્રકટેલા જોઈ શકીએ છીએ.

જીવ અમુક અંશે કર્મના નિયમથી બંધાયેલો હોવા છતાં ભગવાને તેને માર્ગે સદા બંને દિશાના માર્ગો ખુલ્લા રાખેલા હોય છે. અને એમાંથી ગમે તે માર્ગે જવા માટે જીવ સ્વતંત્ર હોય છે. ત્રીજા ધોરણમાં કાચા રહી ગયેલા અભ્યાસવાળો વિદ્યાર્થી ચોથા ધોરણમાં ખૂબ કાળજીથી અભ્યાસ કરીને પ્રથમ નંબરે પણ આવી શકે છે અને ચોથા ધોરણમાં અભ્યાસમાં બેદરકાર રહેવાથી તેમાં નાપાસ પણ થઈ શકે છે અને જો ધ્યાન આપે જ નહીં તો ભણવામાંથી ઊઠી જવાનો પણ વખત આવે છે. સાધારણ મૂડીવાળો માણસ જો ખૂબ કાળજીથી વેપાર કરે તો લાખો–કરોડો–પતિ થઈ શકે છે, પણ જો તે પાસેની મૂડીને અવિચારીપણે વેડફી મારે તો ભિખારી પણ થઈ શકે છે.

એવી જ રીતે નબળી તબિયતવાળો અને ઓછું આયુષ્ય લઈને આવેલો પણ જો આહારવિહારના નિયમો ખૂબ સારી રીતે પાળે તો તંદુરસ્તી અને દીર્ઘાયુ પ્રાપ્ત કરી શકે છે. આમ છતાં જેણે પૂર્વે કોઈનાં ખૂન કર્યાં હોય કે લોકોને રિબાવ્યા હોય તેને કારણે અકાળમરણ કે અકસ્માતથી મરણ થવાનું હોય તો તે આહારવિહારના સારા નિયમોથી ટળી શકતું નથી. આવું પ્રારબ્ધ વિપુલ પુણ્ય, પ્રાયશ્ચિત્ત, પશ્ચાત્તાપ અને સત્કર્મો દ્વારા જ ધોવાઈ શકે.

( કોપીરાઇટ લેખ )

**સંસારમાં સૌ સબળનો જ સાથ કરે છે; નિર્બળને તો દબડાવવામાં જ સૌને મજા આવે છે. માટે કદાપિ લાચારી કે નિર્બળતા કયાંય વ્યક્ત ન કરવી પણ ખુમારીથી સ્વમાનભેર જિંદગીનો ભાર વહન કરવો તેમાં જ જીવનની ખરી ખૂબી છે. પવન દીપકને ઓલવી નાખે છે પણ અગ્નિને તો પ્રજ્વલિત જ કરે છે.**

× ×

આપણે દુર્ગુણો અને દુષ્ટ વૃત્તિઓ સામે લડવામાં ક્ષત્રિય, સાંસારિક અને વ્યાવહારિક સંઘર્ષો વખતે વૈશ્ય; વૃદ્ધો, વડીલો અને દીનહીનની સેવા માટે શૂદ્ર અને અન્યને માટે ત્યાગ કરવા માટે બ્રાહ્મણ બનવું જોઈએ.

—નવીન

# મધુરતા ક્યારે મળે?

**શ્રી શિવભદ્ર**

ચંદનનું ઝાડ કંપી ગયું. તેની ડાળીઓમાં વીંટાયેલા કાળા સર્પો પ્રાણઘાત થવાના ભયથી ઝાડ છોડીને આગળની ઝાડી તરફ ભાગ્યા. કુહાડાના એક જ ઘાનું આ પરિણામ હતું.

"અરે!" ચંદનવૃક્ષમાંથી એક ધીમો નિસાસો નીકળ્યો: 'આ ભગવાનના રાજ્યમાં અનીતિ અને અન્યાય કલંકરૂપ છે."

કુહાડાના પ્રહાર એક પછી એક ચાલુ જ હતા. તેમાં દયા અથવા પ્રેમ જેવો અંશ તો દેખાતો જ ન હતો. કોમળ ચંદનવૃક્ષની રસભરી કાયામાં કુહાડો ભીતરી જતો હતો અને બહાર નીકળતો હતો અને પાછો જોરથી પડતો હતો. બિચારા ચંદનના વચન તરફ તેણે ધ્યાન પણ ન આપ્યું.

"આહ!" ફરી ચંદનવૃક્ષથી ચીસ નંખાઈ ગઈ. તેના શરીરનું એક પ્રિય અંગ—એક લીલીછમ ડાળી કપાઈને ભોંય પર પડી. ફરી તેણે કુહાડાને વિનયપૂર્વક કહ્યું; "ભાઈ! મેં તારો શો અપરાધ કર્યો છે?"

કુહાડાને કદી કલ્પના પણ ન હતી કે વાણીમાં આટલી મધુરતા હોય છે. જેનાં અંગોને એ કાપતો હતો તેને એ ચંદનવૃક્ષ "ભાઈ" કહીને પ્રેમયુક્ત શબ્દોથી કહી રહ્યું હતું. કુહાડો અટકી ગયો. તેણે કહ્યું, "તારા ઉપર ઝેરી સર્પો વીંટાઈ રહે છે તેથી જ હું કાપું છું." પરન્તુ તેનું દિલ કહેતું હતું કે તે સાચું નથી બોલી રહ્યો. પોતાના દોષોનો તરત જ સ્વીકાર કરી લેવો એ સામાન્ય વસ્તુ નથી.

"પણ ભાઈ, આ વિકરાળ સર્પો મારા ઉપર રહે છે તેથી હું જરા પણ ઝેરી નથી બનતું. ઊલટું મારાં અંગો ઉપર લપેટાવાથી તેમને શાન્તિ મળે છે, તેમને ઠંડક રહે છે એ નિમિત્તે પણ મારાથી કંઈક તેમની સેવા થાય છે તેથી મારા મનને પણ આનંદ લાગે છે.

"આ પર્વત ઉપર તું શોભતું નથી તેથી તને કાપી નાખવું જોઈએ." કુહાડાએ તેને કાપવાનું બીજું બહાનું બતાવ્યું. "જો, હું તો આવા જંગલમાંથી જઈને તને દેવતાઓના મસ્તક પર ચઢવાનું મળે એનો રસ્તો કરી રહ્યો છું. આથી જગતમાં તારો બહુ આદર થશે. અહીં તો ભીલડીઓ તને અગ્નિમાં નાખી તેમના રોટલા પકાવે છે. મારી ભાવના તારા ઉપર મોટો ઉપકાર કરવાની છે."

"ક્ષમા કરો ભાઈ!" ચન્દનવૃક્ષ હાથ જોડીને નમ્રતાથી કહેવા લાગ્યું, દેવતાઓના મસ્તકે ચઢવાની કે લોકોનો આદર પામવાની મને જરા પણ ઇચ્છા નથી. આ મારો સ્વદેશ છે. અહીં મારા બંધુઓની સાથે રહીને હું પવનને શીતળ અને સુગન્ધિતબનાવીને જગતને માટે સુખ-સ્વાસ્થ્યવાળું વાતાવરણ ઉત્પન્ન કરું છું. સર્પો જેવાં ઝેરી પ્રાણીઓ પણ મારો લાભ ઉઠાવે છે અને આ બિચારી ભોળી ભીલડીઓ તો મારી સુકાયેલી જીર્ણ ડાળખીઓ જ રોટલા પકાવવામાં બાળે છે. પરન્તુ તમારા આ કઠોર ઘા મારાં લીલાંછમ જીવતાં અંગોને કાપી કાપીને......" ચંદનવૃક્ષથી આગળ ન બોલી શકાયું.

"વહાલા ભાઈ," પરોપકારી આત્માનો પ્રભાવ પડ્યા વગર રહેતો નથી. કુહાડો વધુ દુરાગ્રહ પકડી રાખી શકયો નહીં. તે દીનતાથી કહેવા લાગ્યો; "હું પાપી છું હું મારા પાપીપણાને વાણીની ચતુરાઈમાં ઢાંકી દેવા માગતો હતો, પરન્તુ તમારા સત્સંગથી મારામા સત્ય બોલવાની હિંમત ઉત્પન્ન થઈ રહી છે. હું તો અધમ છું. હમણાં થોડા જ વખત પહેલાં મારું મોઢું અગ્નિમાં તપાવીને હથોડાથી ટીપવામાં આવ્યું છે. મારે અસહ્ય પીડા સહન કરવી પડી છે છતાં પણ હું બીજાને પીડવા સિવાય કશું જ નથી કરી શકતો.' પરન્તુ એટલામાં જ કુહાડાએ અનુભવ કર્યો કે જેને હું કાપી રહ્યો છું તે જ ચંદને મારા મુખને સુવાસિત કરી દીધું છે.

"તમે પરાધીન છો ભાઈ!" પોતાના દુઃખની ચિંતા કર્યા વિના કુહાડાના સંતોષ માટે ચંદનતરુ કહેવા લાગ્યું; "દરેક જીવો કર્મબંધનથી બંધાએલા છે. તમને જીવન જ એવું મળ્યું છે કે જેથી બીજાનાં અંગ કાપવા સિવાય તમારાથી કંઈ નથી થઈ શકતું. આ કાળા શરીરવાળો પુરુષ તમને ચલાવે છે અને તમારે આ કાર્ય કરવું પડે છે."

"મારી આજીવિકાનો પ્રશ્ન છે." પુરુષ બંનેની વાતો સાંભળતો હતો તેથી તેણે તુરત ઉત્તર આપ્યો:

"જીવનનિર્વાહ માટે મારી પાસે બીજું કોઈ સાધન નથી."

વાક્ય પૂરું કરતાં કરતાં જ પુરુષે પૂરેપૂરા જોરથી કુહાડો ચલાવ્યો. "ઝન્‌ન્‌ન્‌" કુહાડો ચંદનની ડાળી ઉપર ન લાગી શકયો. તે હાથમાંથી છૂટીને દૂર જઈને પડ્યો. પુરુષ જરાક જેટલો બચી ગયો, નહીં તો તેનો પગ કપાઈ ગયો હોત.

"હવે આ ચંદન જેવા પરોપકારી સંતની કાયા મારાથી કાપી નથી શકાતી.' કુહાડાએ રોષપૂર્વક ઉત્તર આપ્યો, "એમાં તો ભગવાનનો જ અપરાધ થાય છે."

"આપ ચિંતા ન કરો." ગંધવૃક્ષ શાન્તિથી પુરુષને કહેવા લાગ્યું. તેના ઉપર રોષનું કંઈ ચિહ્ન ન હતું. તેણે પ્રેમપૂર્વક કહ્યું: "જીવનનિર્વાહને માટે આપ ભલે મારી કાયા કાપી લો, પરન્તુ હું તમારા ઉપર કશો અપરાધ કરવા માગતું નથી હું નમ્રતાપૂર્વક આપને ફક્ત એટલું જણાવવા ઇચ્છું છું કે લીલાં વૃક્ષો પર ઘા કરવાથી તેમને પીડા થાય છે. પોતાના કરતાં વધુ સમજણવાળા મનુષ્યોને આ ભયંકર કૃત્ય કરતા જોઈ વૃક્ષોને તેમના ઉપર ઘૃણા (દયા) છૂટે છે આપ જો ઇચ્છો તો તેમને કાપ્યા વગર પણ બીજાં કામોથી આપની આજીવિકા ચલાવી શકો. આથી તેમની સદ્‌ભાવના પણ તમારી સાથે રહેશે."

"આ કેવી રીતે બની શકે?" પુરુષે વિચારમાં પડીને પ્રશ્ન કર્યો.

"ભગવાને તમને બુદ્ધિ આપી છે." ચંદને ઉત્તર આપ્યો: "વિવેકશીલ હોવાથી જ પ્રાણીઓમાં પુરુષ સર્વથી શ્રેષ્ઠ ગણાય છે. આપ આજીવિકાને માટે બીજાં ઘણાં કામ કરી શકો છો, પરંતુ જો ચંદનનાં લાકડાં વેચવાં જ જો આપને ઠીક લાગતાં હોય તો દર વર્ષે વાવાઝોડાથી જ આપને બે-ચાર ઝાડ મળી જશે અને તેથી આપના કુટુંબનું વર્ષ સુધી સાત્વિક રીતે પોષણ પણ થયા કરશે. પરન્તુ જો તમારામાં સંપત્તિ એકઠી કરવાની કામના હશે તો વૃક્ષોનાં ઝુંડનાં ઝુંડ કાપી નાખવાથી અને બીજાં પણ અનેક દુષ્કૃત્યો અને અનીતિનાં કામો કરવાથી પણ તે પૂરી થઈ શકવાની નથી."

"ચંદન! તમે ખરેખર સંત છો." પુરુષે સહર્ષ કહ્યું, "આ જ કારણથી તમને ભગવાનના મસ્તક ઉપર સ્થાન મળે છે. હવે હું કદી કોઈ લીલા ઝાડ ઉપર હાથ ચલાવીશ નહીં.'

"તમારા પ્રત્યે સર્વ વૃક્ષોની શુભ ભાવના રહેશે." ચંદને ઉત્સાહપૂર્વક કહ્યું અને કપાવાનો ભય નિવૃત્ત થવાથી ચંદનવૃક્ષની બધી ડાળીઓ હર્ષથી ખીલી ઊઠી.

પુરુષે નિશ્ચય કર્યો કે હવે હું વૃક્ષોને કાપવા કરતાં વૃક્ષોને રોપવાનું કામ કરીશ. પોતાની ઝૂંપડીની આજુબાજુ તેણે બગીચો બનાવ્યો. કેળો વાવી, આંબા રોપ્યા. જામફળ, દાડમ, પપૈયાં વગેરે ફળો અને ફૂલોથી તેના બગીચાનાં લીલાંછમ વૃક્ષો પ્રભુની પૃથ્વી પર પ્રભુના સૌન્દર્યને પ્રકટ કરતાં હતાં. તે પુરુષ પોતાના હૃદયના સ્નેહજળની સાથે એ વૃક્ષોને રોજ પાણી પાતો અને વૃક્ષોના આત્માની પ્રસન્નતા અનુભવતો. હવે તે ક્રૂરતાથી કાપેલાં ઝાડોનાં લાકડાંને બદલે પ્રેમથી પોષેલાં વૃક્ષોનાં પાકાં મધુર ફળો લોકોને વેચીને પોતાના જીવનમાં મધુરતા અનુભવતો જીવન વિતાવવા લાગ્યો.

*

**અગત્યની સૂચના—~~એપ્રિલ~~ માર્ચની ૧૫મી પછી થનાર નવા ગ્રાહકોને પાછળના જે અંકો સ્ટૉકમાં હશે તેટલા જ મળશે.**

---

આશીર્વાદ પ્રકાશન વતી પ્રકાશક : શ્રી દેવેન્દ્રવિજય વિજયશંકર દવે, રાયપુર, ભાઉની પોળની બારી પાસે, અમદાવાદ
મુંબઈ કાર્યાલય : માનવમંદિર, માનવમંદિર રોડ, મલબારહિલ, મુંબઈ-૬.
મુદ્રક : શ્રી જગદીશચંદ્ર અંબાલાલ પટેલ, એન. એમ. પ્રિન્ટિંગ પ્રેસ, દરિયાપુર ડબગરવાડ, અમદાવાદ.